भारतीय प्रतिभूति और विनिमय बोर्ड

Securities and Exchange Board of India

## વહિવટદારો-વ્યવસ્થાપકો માટે

# રોકાણમાટેનું આયોજન



भारतीय प्रतिभूति और विनिमय बोर्ड
Securities and Exchange Board of India

આ પુસ્તકમાં આપેલ વિષયવસ્તુ સિક્યુરિટીઝ એન્ડ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી)ના ઈન્વેસ્ટર પ્રોટેક્શન એન્ડ એજ્યુકેશન ફંડ (આઈપીઈએફ) માટેની સલાહકાર સમિતિના માર્ગદર્શન હેઠળ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા તૈયાર કરાયેલા છે.

## ડિસ્કલેઈમર

સેબીની નાણાકીય શિક્ષણ યોજનાઓ જનતાને સામાન્ય માહિતી પૂરી પાડવા માટે છે. તેના અંતર્ગત ઘડાયેલો સિક્યુરિટીઝ અંગેનો કાયદો, નિતી, નિયમો, માર્ગદશિકાઓ અને નિર્દેશો વિશેની ખાસ માહિતી માટે કૃપયા www.sebi.gov.in જુઓ.

**પ્રકાશક:**
સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)
ઓગસ્ટ ૨૦૧૨

**સેબી ભવન**
પ્લોટ નં. સી.૪એ, 'જી' બ્લોક, બાંદ્રા (પૂર્વ), મુબંઈ - ૪૦૦૦૫૧.
ટેલિફોન - ૯૧-૨૨-૨૬૪૪૯૦૦૦-૪૦૪૫૯૦૦૦-૯૧૧૪.
ફેક્સ - ૯૧-૨૨-૨૬૪૪૯૦૨૭-૪૦૪૫૯૦૨૭.
ઈ-મેલ - feedback@sebi.gov.in

*આ પ્રકાશનમાં ભૂલચૂક માટેનો દરેક પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમ છતાં જો કોઈ ભૂલચૂક કે વિસંગતિ ધ્યાનમાં આવે તો તેની ઉપરોક્ત સરનામે જાણ કરવા વિનંતી છે જેને આગામી આવૃતિમાં સુધારી લેવામાં આવશે. આ સાહિત્યસામગ્રીના વપરાશને કારણે કોઈને પણ કોઈ પણ પ્રકારનું, કોઈ પણ રીતે નુકશાન કે ખોટ થાય તો તે માટે પ્રકાશક જવાબદાર રહેશે નહિ. એની આ સાથે જાણ કરવામાં આવે છે.*

*પ્રકાશકની લેખિત મંજૂરી વિના આ પુસ્તકમાંના કોઈ પણ ભાગનું પુનઃ નિર્માણ (રિપ્રોડ્યુસ) કરી શકાશે નહિ કે કોઈ પણ સ્વરૂપે અથવા કોઈ પણ સાધન દ્વારા (ફોટોકોપી, રેકોર્ડીંગ, ટેપિંગ, અથવા ઈન્ફોર્મેશન રિટ્રાઈવલ સિસ્ટમ સહિત ગ્રાફિક અથવા મિકેનિકલ) તેની નકલ કરી શકાશે નહિ અથવા કોઈ પણ ડિસ્ક,ટેપ, પર્ફોરેટેડ મીડિયા અથવા માહિતીનો સંગ્રહ કરવા માટેનાં બીજા સાધનો વગેરે પર તેને રિપ્રોડ્યુસ કરી શકાશે નહિ. આ શરતનો ભંગ કરનાર સામે કાનૂની પગલાં લેવામાં આવશે.*

# અનુક્રમણિકા :


૧. પરિચય

૨. બચત અને મૂડીરોકાણની મૂળભૂત બાબતો

૩. યોગ્ય મુડીરોકાણના વિકલ્પોની પસંદગી

૪. અસ્કયામતોની ફાળવણીનો વ્યૂહ

૫. સ્વાવલોકન

૬. બચતો અને મુડીરોકાણ સંબંધિત માધ્યમો

૭. રક્ષણ સંબંધિત માધ્યમો

૮. ઋણ (દેવા) સંબંધિત માધ્યમો

૯. નિવૃત્તિ માટેનું આયોજન

૧૦. ઉદ્યોગ સાહસિક બનવા માટેના ધિરાણનું આયોજન

૧૧. છેતરામણી યોજનાઓ વિશેની સમજ

૧૨. કર બચતના વિકલ્પો

૧૩. ફાઈનાન્સિયલ (નાણાકીય) માધ્યમોનું ખરીદી

૧૪. નાણાકીય શિક્ષણના લાભો

૧૫. રોકાણકાર રક્ષણ અને ફરિયાદ નિવારણ તંત્ર

# ૧. પરિચયઃ

પ્રત્યેક ઘર માટે નાણાકીય આયોજન જરૂરી છે. નાણાકીય આયોજન બચતથી વિશેષ છે. એ હેતુ સાથેનું મૂડીરોકાણ છે. તે બચત કરવાની અને ભાવિ આવકને ખર્ચવાની યોજના છે. તે કાળજીપૂર્વક તૈયાર કરવી જોઈએ. નાણાકીય આયોજન એ તમારાં જીવનનાં ધ્યેયોને તમારાં નાણાકીય ભંડોળોના યોગ્ય સંચાલન દ્વારા સિદ્ધ કરવાની પ્રક્રિયા છે. જીવનનાં ધ્યેયોમાં ઘર ખરીદવાનો, બાળકના શિક્ષણ માટે બચત કરવાનો અથવા નિવૃત્તિનાં આયોજનનો સમાવેશ હોઈ શકે છે.

આજે તમે જુઓ છો કે લોકો તેમની પહોંચ બહાર જીવે છે, ક્રેડિટ કાર્ડનું દેવું ધરાવે છે, જોખમી રોકાણો અને બેજવાબદાર પગલાં લે છે જે  નાણાકીય આયોજનના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. એ ઉપરાંત નવાં અને જટીલ નાણાકીય વિકલ્પોનો ફેલાવો વધુ નાણાકીય નૈપુણ્ય માગી લે છે. અશાંત પરિસ્થિતિઓ અને બદલાતા કર કાયદાઓ પણ પર્યાપ્ત નાણાકીય આયોજનની આવશ્યકતામાં વધારો કરે છે. આમ બધાંએ નાણાકીય આયોજન ની જરૂરિયાત અને તેનું મહત્વ વધાર્યુ છે. જેવે પરિણામે નાણાકીય વિકલ્પોને સમજવું અતિ આવશ્યક છે.

નાણાકીય આયોજનમાં ટૂંકા અને લાંબા ગાળાની બચતોનાં આયોજનનો સમાવેશ થાય છે. અસ્ક્યામતોનાં રૂપમાં વિવિધ મૂડીરોકાણ વિકલ્પો છેઃ બેન્ક ડિપોઝિટ્સ, સરકારી બચત યોજનાઓ, શેર્સ, મ્યુચ્યુઅલ ફંડ્સ, ઈન્સ્યુરન્સ, કોમોડિટીઝ, બોન્ડ્સ, ડિબેન્ચર્સ, કંપની ફિક્સ્ડ ડિપોઝિટ્સ વગેરે.

નાણાકીય આયોજન એ કંઈ આપોઆપ થતું નથી. તેના માટે એક ધ્યાન અને શિસ્ત જોઈએ. તે છ ચરણની પ્રક્રિયા છે, જે તમને તમે અત્યારે ક્યાં છો અને ક્યાં જવા માગો છો એનું મોટું ચિત્ર દર્શાવે છે.



# ૨. બચત અને મૂડીરોકાણની મૂળભૂત બાબતો

તમારાં માતાપિતા સાચાં છે, નાણાં ઝાડ પર ઊગતાં નથી, તે ખરેખર તો અન્ય નાણાં પર ઊગે છે એટલે જ કહેવત છે કે 'પૈસા પૈસાને ખેંચે છે. નાણાંમાં વધુ નાણાં પેદા કરવાની શક્તિ છે. સારી બાબત એ છે કે આમ થાય એ માટે બહુ નાણાંની જરૂર નથી.

## બચતો અને મૂડીરોકાણ

સામાન્ય રીતે ટૂંકા ગાળાનાં ધ્યેયો પાર પાડવા માટે બચત કરાય છે. તમારાં નાણાં બચત ખાતામાં સલામત છે અને તેના પર વ્યાજની નાની રકમની કમાણી પણ થાય છે. જ્યારે તમને નાણાંની જરૂર હોય ત્યારે તે મેળવવાનું પણ સરળ રહે છે.

મૂડીરોકાણ એટલે તમે તમારાં નાણાંને લાંબા ગાળાનાં ધ્યેયો માટે બાજુએ રાખો છો. એની કોઈ ખાતરી નથી કે તમે રોકેલાં નાણાં વધશે. હકીકતમાં કાળક્રમે મૂડીરોકાણનાં મૂલ્યમાં વધારો કે ઘટાડો થાય તે સામાન્ય બાબત છે, પરંતુ લાંબા ગાળે મૂડીરોકાણો તમને તમે બચત ખાતામાં કમાઓ એથી ક્યાંય અધિક કમાણી કરાવી આપે છે.

### તમારાં નાણાકીય ધ્યેય માટે બચતો અને મૂડીરોકાણો કેમ આટલા મહત્ત્વના છે ?

તમારાં નાણાકીય ધ્યેયોની પૂર્તિ કરવા બચત અથવા મૂડીરોકાણ કરવાથી તમે ખર્ચ કરવા ઓછા લલચાવ છો, પરંતુ મૂડીરોકાણ માટેનું શ્રેષ્ઠ કારણ એ છે કે નાણાં ખરેખર તમારા માટે નાણાં બનાવે છે. કોઈ પણ વ્યાજ અથવા મૂડીરોકાણ પરનો લાભ તમને તમારાં નાણાકીય ધ્યેયોની વધુ નજીક લઈ જાય છે અને એ માટે તમારે કશું કરવાનું હોતું નથી.

વહેલી બચત શરૂ કરો અને જ્યારે તમને જરૂર પડશે ત્યારે તમે તૈયાર હશો, પછી ભલે તમે ઘર માટે, સંતાનનાં શિક્ષણ માટે અથવા તમારી નિવૃત્તિ માટે એ કરી રહ્યા હો. જો તમે તમારી જુવાવીલિ બચત શરૂ કરશો તો તે અત્યંત સારી શરૂઆત બની રહેશે. જો તમે નહીં કરો તો બાકીનું આખું આયુષ્ય તમે પકડદાવ રમતાં રહેશો. યુવાનોને એક લાભ હોય છે, જે વૃદ્ધ લોકોને હોતો નથી અને તે છે સમય. તેઓ જ્યારે આ પરિકલ્પનાને સમજે અને સમયનો તેમનાં પક્ષે ઉપયોગ કરે છે ત્યારે યુવા લોકોને તેમનાં સપનાં પૂરાં કરવાની અને નાણાકીય ધ્યેયો સાકાર કરવાની વધુ સારી તક હોય છે.

### વિલંબની કિંમત

તમે જાણો છો કે રોકાણ માટે તમારી પાસે વધુ સમય હોય તો તમે વધુ નાણાં પ્રાપ્ત કરી શકો છો. મૂડીરોકાણ માટે રાહ જોવામાં તમે ઓપોર્ચ્યુનિટી કોસ્ટ (તક ગુમાવવા રૂપે ખર્ચ) ચૂકવો છો એમ કહેવું સરળ છે કે મારી પાસે અત્યારે બચત અને મૂડીરોકાણ શરૂ કરવા માટે પર્યાપ્ત નાણાં નથી. ''મારી પાસે વધુ નાણાં થાય ત્યાં સુધી ''હુંરાહ જોઈશ'', પરંતુ તમારો એ નિર્ણય તમે વિચારો એથીય વધુ મોંઘો પડી શકે છે, કારણ કે ચક્રવૃદ્ધિનો સિદ્ધાંત બંને બાજુ લાગુ પડે છે. તે તમને મોંઘો પડે છે, કારણ કે રાહ જોવાનો અર્થ નાની રકમ પરનું પણ ચક્રવૃદ્ધિ વ્યાજનો ગુમાવવાનું થાય છે.

### તમારી જાતને નીચેના પ્રશ્નો પૂછો:

તમે અત્યારે જે ખર્ચ કરો છો, એનો દસ ટકા ઓછો ખર્ચ કરીને તમે મોજમાં રહી શકો છો અને એ નાણાં તમારા ભવિષ્ય માટે કાર્યરત બને એ માટે મૂકી શકો ? જો તમે તમારાં ભાવિ ધ્યેયો માટે તમારી આવકનાં દસ ટકા બચાવી શકો છો તો એ ધ્યેયો કયા છે ? તમને જીવનમાં શેની અપેક્ષા છે એ પ્રાપ્ત કરવાં નસીબ સિવાય પણ ઘણું જોઈએ. લોકોએ એ જાણવું જોઈએ કે 'પ્રથમ પોતાને ચૂકવી - બચતને અગ્રતા આપી - તેઓ ભવિષ્યમાં શું જોઈએ છે એનું માત્ર સપનું જોવાને બદલે પ્રાપ્ત કરી શકે છે.

વ્યક્તિની આવક નાની અથવા મોટી કેમ ન હોય, મૂડીરોકાણ માટે થોડી રકમ બાજુએ રાખવા માટે સ્વયંશિસ્ત જોઈએ. અત્યારે ગમતી કેટલીક ચીજો ખરીદવાનું મોકૂફ રાખીને વ્યક્તિ બચત અને મૂડીરોકાણો દ્વારા નાણાંને પોતાના માટે કામ કરતાં મૂકીને લાંબા ગાળાના લાભ મેળવી શકો છો.

## બજેટિંગ (અંદાજપત્ર તૈયાર કરવું)

નાણાકીય આયોજનમાં પ્રથમ કદમ અંદાજપત્ર તૈયાર કરવાનું છે. અંદાજપત્ર એ આવકના અને જાવકના પત્રક, આયોજન

અને અંકુશ માટેની પ્રક્રિયા છે. તેમાં આવકના બધા સ્રોતોને ઓળખવાનો અને વ્યક્તિના ભાવિ નાણાકીય ધ્યેયો પૂરા કરવાં માટે બધા વર્તમાન અને ભાવિ ખર્ચને આવરી લેવાનો સમાવેશ થાય છે. બજેટ તૈયાર કરવાનો મુખ્ય હેતુ ખર્ચ માટેની ફાળવણી બાદ નિશ્ચિતપણે બચત કરવાનો છે.

**અંદાજપત્ર તૈયાર કરવાનાં લાભઃ**

- તે વિવિધ સ્તરે વધુ પડતા ખર્ચને રોકવા માટેનાં અવરોધો અને સંતુલનો સ્થાપે છે.
- ભંડોળની અનપેક્ષિત જરૂરિયાતને ગણતરીમાં લે છે.
- તમને શિસ્તબદ્ધ કરે છે.
- નિવૃત્તિ બાદ જીવન ધોરણને જાળવી રાખવામાં સહાય કરે છે.

**અંદાજપત્ર તૈયાર કરવા માટેના પગલાંઃ**

**ચરણ ૧** - તમારી આવક ગણોઃ તમારાં પગાર અને મૂડીરોકાણ પરના વ્યાજ સહિત બધા સ્રોતોની આવક ગણો.
**ચરણ ૨** - આવશ્યક જરૂરિયાતો માટેના ખર્ચની ગણતરી કરો. તમારાં જરૂરી ખર્ચ ગણો, જેમાં ભાડું, કરિયાણું, વસ્ત્રો, ટેલિફોન, વીજળી બિલ અને ઈંધણ તેમ જ વાહનની જાળવણીનો ખર્ચઃ પ્રત્યેક પર ખર્ચાનારી રકમ ગણો.
**ચરણ ૩** - તમારું કુલ દેવું, તેના પરના વ્યાજ સહિત ગણો.
**ચરણ ૪** - તમારા બિનઆવશ્યક ખર્ચા નક્કી કરોઃ બિનઆવશ્યક ખર્ચાઓમાં રજાઓ, ભેટો, રેસ્ટોરાં જમણનો સમાવેશ હોઈ શકે. એ પ્રત્યેક પર ખર્ચાયેલી રકમ ગણો.
**ચરણ ૫** - તમારી બચત ગણોઃ તમારી બચતની ગણતરી કરો.
ચરણ ૨, ૩ અને ૪માંની રકમના સરવાળાને ચરણ ૧માંની રકમમાંથી બાદ કરીને તમે બચત ગણી શકશો.

એ સમજવું જોઈએ કે જીવનમાં અનપેક્ષિત ઘટનાઓ બનતી હોય છે. પ્રસંગોપાત તમારે તમારા અંદાજપત્ર આયોજનને તોડવો પડે અથવા પુનઃ ઘડવો પડે. જોકે ઘટ નિવારવા દેવું કરવાનું ટાળો અને બજેટને બને એટલા વળગી રહો.

## મૂડીરોકાણ પર ફુગાવાની અસર

જ્યારે તમે તમારાં મૂડીરોકાણનું આયોજન કરતા હો ત્યારે એ મહત્ત્વનું છે કે તમે તમારાં મૂડીરોકાણ પર ફુગાવાની અસરોને ધ્યાનમાં લો. સાદા શબ્દોમાં કહીએ તો ફુગાવો એ ભાવોમાં થયેલો વધારો છે. સમયાંતરે ચીજવસ્તુઓ અને સેવાઓની કિંમતો વધે છે એથી રૂપિયાનું મૂલ્ય ઘટતું જાય છે, કારણ કે તમે ગયા મહિને અથવા ગયા વર્ષે જેટલા રૂપિયામાં ખરીદી કરી શક્યા હતા એટલી ચીજો એટલા જ રૂપિયામાં અત્યારે ખરીદી શકતા નથી.

**ફુગાવાની મારા મૂડીરોકાણ નિર્ણય પર કેવી અસર થાય છે ?**

પાંચ વર્ષ પૂર્વે વડાપાંઉ ₹ ૧માં મળતું હતું અત્યારે તેના ₹ ૭ થાય છે. કિંમતમાં વધારો જથ્થામાં કે ગુણવત્તામાં વધારો થવાને પગલે નહીં, પરંતુ તેમાં વપરાતાં ઘટકોની કિંમતમાં થયેલા વધારાના કારણે છે. કેટલીક અસ્ક્યામતોની કિંમતમાં થયેલા ફેરફારને જુઓ.

| અસ્ક્યામતો | કિંમતો (૨૦૦૧-૦૨માં) (₹ માં) | કિંમતો (૨૦૦૯-૧૦માં) (₹ માં) |
|---|---|---|
| ખાંડ (૧ કિ. ગ્રામ) | ૧૬ | ૪૦ |
| ખાદ્ય તેલ (૫ લિટર) | ૨૯૦ | ૫૦૦ |
| સોનું (૧૦ ગ્રામ) | ૪,૪૭૪ | ૧,૭૧૩ |
| ચાંદી (૧ કિ. ગ્રા.) | ૭,૮૬૮ | ૨૮,૩૪૫ |
| ચોખા (૧ કિ. ગ્રા.) | ૧૪ | ૩૫ |
| પેટ્રોલ (૧ લિટર) | ૩૩.૪૬ | ૪૮.૮૩ |
| ડીઝલ (૧ લિટર) | ૧૯.૮૮ | ૩૬.૭૪ |

રોકાણકારોને સૌથી મોટો ભય ફુગાવાનો હોય છે, કારણ કે તે તમારાં મૂડીરોકાણનાં મૂલ્યને પિગાળી નાખે છે. ઉદાહરણઃ- જો તમે ₹ ૧૦૦૦ એક વર્ષની ફિક્સ્ડ ડિપોઝિટમાં રોક્યા, જેના પર પાંચ ટકા વળતર મળશે તો એક વર્ષમાં રકમ ₹ ૧૦૫૦ થશે. જો એ વર્ષે ફુગાવાનો દર ૬ ટકા રહેશે તો તમારો ખર્ચ કે જે ₹ ૧૦૦૦ હતો તે વર્ષે વધીને ₹ ૧૦૬૦ થશે. આમ એક વર્ષ સુધી તમે નાણાં રોક્યાં હોવા છતાં તમારી સ્થિતિ આગલા વર્ષ કરતાં ખરાબ હશે, કારણ કે તમારા મૂડીરોકાણો પર તમને ફુગાવાના દરથી નીચું વળતર મળ્યું છે.

**ફુગાવાની વિપરિત અસરોને નિવારવા રોકાણકાર કયાં પગલાં લઈ શકે ?**
તમારા 'વાસ્તવિક વળતર દર (રિયલ રેટ ઓફ રિટર્ન) કે જેની તમે અપેક્ષા રાખો છો એ ગણવા માટે ફુગાવાની અસરોને ગણતરીમાં લો. ફુગાવાના વર્તમાન દરથી વાકેફ રહેવા ઉપરાંત નિષ્ણાંતો ભવિષ્યમાં ફુગાવાનો દર કેટલો રહેવાની અપેક્ષા રાખે છે એની જાણકારી રાખવી આવશ્યક છે. વર્તમાન મૂડીરોકાણોના મૂલ્ય અને ભાવિ મૂડીરોકાણોના આકર્ષણ એ બંનેમાં ફુગાવો કેટલો રહેશે એની ધારણા પ્રમાણે ફેરફાર થશે. એ પણ યાદ રાખો કે સ્થિર આવક માટેનાં મૂડીરોકાણો ફુગાવાનો સૌથી અધિક ભોગ બને છે. જો તમે ચોક્કસ વ્યાજ દરે રોકાણ કર્યું હોય અને ફુગાવો વધે તો તમારી કમાણી વધશે નહીં અને તમને નકારાત્મક વળતર મળશે.

## જોખમ અને વળતર

જોખમ અને વળતર સાથે સાથે ચાલે છે. જોખમની વ્યાખ્યા એ રીતની કરી શકાય કે મૂડીરોકાણનાં નાણાંનો સંપૂર્ણ અથવા આંશિક હિસ્સો ગુમાવાઈ શકે. સારી બાબત એ છે કે મૂડીરોકાણનું જોખમ ઈનામ સાથે હોય છે એટલે જ સંપૂર્ણ પ્રક્રિયા કરવા યથાર્થ બની રહે છે.

જોખમ અંગે એ પાયાની વાત યાદ રાખવાની કે સંભવિત વળતરમાં વધાર સાથે જોખમ વધે છે. જોખમ જેટલું મોટું એટલી સંભવિત ચુકવણી પણ મોટી (બે શબ્દો 'સંભવિત ચુકવણી ને ન ભૂલો એની કોઈ ગેરન્ટી નથી)

જોખમહીન જણાતાં બચત ખાતાં અને ગવર્નમેન્ટ બોન્ડ્સ પણ ફુગાવાના દરથી ઓછું વળતર પ્રાપ્ત કરવાનું જોખમ ધરાવે છે. જો વળતર ફુગાવાના દર કરતાં ઓછું હોય તો મૂડીરોકાણ નિરર્થક બની રહે છે, કારણ કે તમારી કમાણી વધતી નથી, જે ભિન્ન મૂડીરોકાણ સાધનમાં કદાચ વધી હોય.

જ્યારે તમે રોકાણ જાળવી રાખો ત્યારે જોખમનું વ્યવસ્થાપન કરવા પગલાં લો એ જરૂરી છે. એક વાર તમે એક વર્ગની અસ્ક્યામતમાં મૂડીરોકાણ કર્યું હોય તો તમારે તમારાં રોકાણોનું સંચાલન કરવું જોઈએ અને કોઈ પણ મુશ્કેલી નિવારવા બજારની વિવિધ ઘટનાઓથી વાકેફ રહેવું જોઈએ. જ્યારે વળતરો અસામાન્યપણે ઊંચા દર્શાવાઈ રહ્યા હોય ત્યારે સંભવિત જોખમોને હંમેશા તપાસો.

## ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિ

તમારાં નાણાકીય આયોજનમાં આગળ વધો તો ધ્યાનમાં આવશે કે ચક્રવૃદ્ધિ વ્યાજની જાદુઈ શક્તિ એ સલામતીપૂર્વક અને નિશ્ચિતપણે સંપત્તિ નિર્માણ માટે સૌથી શક્તિશાળી સાધન (ટૂલ) છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને એક વાર ટિપ્પણી કરી હતી કે, બ્રહ્માંડમાં ચક્રવૃદ્ધિ વ્યાજ સૌથી વધુ શક્તિશાળી બળ છે. ચક્રવૃદ્ધિ વ્યાજ એટલે વ્યાજનું  પણ વ્યાજ, જે આશ્ચર્યકારક વળતર ઓફર કરે છે. જો તમે આપેલાં વળતરે તમે તમારાં મૂડીરોકાણમાં નાણાં રોકો અને પછી તેમાંથી થતી આવકનું ફરી રોકાણ કરો, તમારું મૂડીરોકાણ સમયાંતરે નોંધપાત્ર વૃદ્ધિ પામે છે. સાદા વ્યાજ સાથે, તમને માત્ર મુદ્દલ (એટલે કે શરૂઆતમાં તમે જે રકમનું રોકાણ કરો તે) પર વ્યાજની કમાણી થાય છે; ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે, તમે મુદ્દલ તથા કમાયેલા વ્યાજ પર વ્યાજ મેળવો છો.

દા.ત.૩૦ વર્ષ માટે ૯ ટકાનું વાર્ષિક વળતર ઓફર કરતી યોજનામાં વર્ષના રૂ ૨૦ હજારના હિસાબે (દર મહિને ₹ ૧૦૦૦) મૂડીરોકાણ પર ચક્રવૃદ્ધિ વ્યાજની અસર તપાસીએ. ₹ ૩.૬ લાખનું કુલ મૂડીરોકાણ (મુદ્દલ) ૩૦ વર્ષે વધીને ₹ ૧૭.૮૩ લાખ થશે.

શિસ્તબદ્ધ મૂડીરોકાણને ચક્રવૃદ્ધિ પુરસ્કૃત કરે છે અને લાંબા સમય ગાળે ઉત્તમ કામ કરે છે. ઉપરોક્ત ઉદાહરણમાં પ્રથમ ૨૦ વર્ષનું વળતર માત્ર ₹ ૬.૬૯ લાખ છે. છેલ્લાં ૧૦ વર્ષ ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિ ગુણક અસર દર્શાવે છે. લાંબા સમય સુધી તમે તમારાં નાણાંને હાથ ન લગાડો તો તે ઝડપથી અને મોટા પ્રમાણમાં વધે છે. દા.ત. ઉપરોક્ત મૂડીરોકાણ પેટર્નને તમે ૪૦ વર્ષ સુધી લંબાવો તો તમને ₹ ૪૪.૨૦ લાખ મળશે.

ચક્રવૃદ્ધિ વ્યાજ, આમ, આશ્ચર્યકારક સાધન છે જે તમારાં નાનાં મૂડીરોકાણને લાંબા સમય ગાળે સંપત્તિમાં પરિવર્તિત કરે છે. તમે મૂડીરોકાણની વહેલી શરૂઆત કરો અને નાણાંને તેમાં રહેવા દો તો તે ઉત્તમ કામ કરે છે. તમે હમણાં જ મૂડીરોકાણની શરૂઆત કરો એ માટે ચક્રવૃદ્ધિ એ, હકીકતમાં, શરૂઆતથી જ ચક્રવૃદ્ધિ વ્યાજે રોકાણ કરવાનું એકમાત્ર મહત્ત્વનું કારણ છે. દરરોજ તમે મુડી વ રોકાણ કરો એ દિવસ છે, જે દિવસે નાણાં તમારા માટે કામ કરે છે, અને નાણાકીય રીતે સલામત અને સ્થિર ભવિષ્ય સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાય છે.

**ઉદાહરણઃ ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિ**

સંતોષ અને સુનીલ મિત્રો છે અને બંને વાર્ષિક ૧૦ ટકાના દરે ₹ ૧ લાખ રોકવાં માગે છે. પરંતુ સંતોષને વાર્ષિક ૧૦ ટકાના દરે ચક્રવૃદ્ધિ મળશે અને સુનીલને તેમનાં મૂડીરોકાણ પર વાર્ષિક ૧૦ ટકાના દરે સાદું વ્યાજ મળશે.

હવે જુઓ ચક્રવૃદ્ધિ વ્યાજની શક્તિઃ

(કિંમત ₹ માં)

| વર્ષ | ૧૦ ટકાના દરે ચક્રવૃદ્ધિ વ્યાજ | ૧૦ ટકાના દરે સાદું વ્યાજ |
|---|---|---|
| ૧ | ૧,૧૦,૦૦૦.૦૦ | ૧,૧૦,૦૦૦.૦૦ |
| ૨ | ૧,૨૧,૦૦૦.૦૦ | ૧,૨૦,૦૦૦.૦૦ |
| ૩ | ૧,૩૩,૧૦૦.૦૦ | ૧,૩૦,૦૦૦.૦૦ |
| ૪ | ૧,૪૬,૪૧૦.૦૦ | ૧,૪૦,૦૦૦.૦૦ |
| ૫ | ૧,૬૧,૦૫૧.૦૦ | ૧,૫૦,૦૦૦.૦૦ |
| ૨૦ | ૬,૭૨,૭૫૦.૦૦ | ૩,૦૦,૦૦૦.૦૦ |
| ૨૫ | ૧૦,૮૩,૪૭૦.૨૩ | ૩,૫૦,૦૦૦.૦૦ |
| ૩૦ | ૧૭,૪૪,૯૪૦.૨૩ | ૪,૦૦,૦૦૦.૦૦ |

૧. એક વર્ષ બાદ બંનેને સરખી રકમ મળશે એટલે કે ₹૧,૧૦,૦૦૦.
૨. ૫ વર્ષ બાદ સંતોષને ₹ ૧,૬૧,૦૫૧ મળશે અને સુનીલને ₹ ૧,૫૦,૦૦૦ મળશે.
૩. ૩૦ વર્ષ બાદ સંતોષને ₹ ૧૭,૪૪,૯૪૦ મળશે અને સુનીલને ₹ ૪,૦૦,૦૦૦ મળશે.

**૩૦ વર્ષમાં '૧૩.૪ લાખનો તફાવત.**

**૧. દિવ્યા વાર્ષિક ૭ ટકાના ચક્રવૃદ્ધિ વ્યાજના દરે કમાણી આપતાં ખાતામાં આજે ₹ ૫૦૦નું મૂડીરોકાણ કરે છે. તો નીચેનાં વર્ષોમાં તેનું મૂલ્ય કેટલું થશે ?**

એ. ૫ વર્ષમાં
બી. ૧૦ વર્ષમાં
સી. ૨૦ વર્ષમાં

**૨. હવે દિવ્યાને એવું એકાઉન્ટ મળ્યું છે જે વાર્ષિક ૧૦ ટકાના ચક્રવૃદ્ધિ વ્યાજ દરે કમાણી કરે છે, તો તેના ₹ ૫૦૦નું મૂલ્ય કેટલું થશે ?**

એ. ૫ વર્ષમાં
બી. ૧૦ વર્ષમાં
સી. ૨૦ વર્ષમાં

# ૭૨નો નિયમ

તમે હવે જાણો છે કે ચક્રવૃદ્ધિ વ્યાજનો ખ્યાલ એટલે તમારાં નાણાં તમે ઊંઘતા હો ત્યારે પણ વધુ પૈસા બનાવે છે. આ કેટલું શક્તિશાળી છે તે જોવાનાં એક પ્રકારને ૭૨નો નિયમ કહેવાય છે.
ગણિતશાસ્ત્રીઓ કહે છે કે ૭૨ને વ્યાજ દર વડે ભાગો અને જુઓ કે તમારા નાણાંને બમણાં થતાં કેટલો સમય લાગશે. ધારો કે, તમારા દાદા દાદી/નાના નાનીએ તમારા જન્મદિને તમને ₹ ૨૦૦ આપ્યા અને તમારે તેનું રોકાણ કરવું છે. વર્ષે

૬ ટકાનું વ્યાજ મળતું હોય તેવા ખાતામાં તમે નાણાં મૂકશો તો તેના ₹ ૪૦૦ થતાં કેટલાં વર્ષ લાગશે ?

**૭૨ ÷ ૬ ટકા વ્યાજ = ૧૨ વર્ષ**

એટલે કે ૧૨ વર્ષમાં તમારાં નાણાં બમણાં થઈને ₹ ૪૦૦ થશે. પરંતુ તમારા પપ્પા તમને એ નાણાં ૯ ટકા વ્યાજની કમાણી આપતા ખાતામાં મૂકવા કહે તો ?

**૭૨ ÷ ૯ ટકા વ્યાજ = ૮ વર્ષ**

હવે તમને તે ₹ ૪૦૦ માત્ર આઠ વર્ષમાં જ મળશે. તમે થોડું વધુ વ્યાજ કમાઈને તમારાં નાણાં બમણાં કરવાનો સમય ૪ વર્ષ ઘટાડી નાખ્યો અને આમાં તમારે ખાતામાં વધુ પૈસા ભરવાની જરૂર પડતી નથી. નાણાં બમણાં થવાની પ્રક્રિયા ઝડપી બનશે.

પરંતુ જો આઠ વર્ષ તમને બહુ લાગતાં હોય અને માત્ર ૪ વર્ષમાં જ તમને ₹ ૪૦૦ જોઈતા હોય તો શું કરવું ? કેટલા નિશ્ચિત સમયમાં તમારે તમારાં નાણાંને બમણાં કરવા કેટલા વ્યાજ દરે તમારે કમાણી કરવી જોઈએ એ પણ ૭૨નો નિયમ તમને કહી શકે છે. તો ચાર વર્ષ માટે વ્યાજનો દર થશેઃ

**૭૨ ÷ ૪ વર્ષ = ૧૮ % વર્ષ**

તમે હવે જોઈ શકો છો કે વ્યાજ દરમાં નાનો તફાવત પણ તમારાં નાણાંની ચક્રવૃદ્ધિની ઝડપમાં મોટો તફાવત કરી શકે છે.

## નાણાંનું સમય મૂલ્ય

જેમ સમય પસાર થાય છે, તેમ તમને એ હકીકતનું ભાન થશે કે ૧૦ વર્ષ પૂર્વે ₹ ૧૦માં ફુલ લન્ચ ખરીદવાનું તમને પરવડી શકતું હતું, આજે માત્ર શાકભાજીનાં થોડા ટુકડા લેવાનું પણ તમને માંડ પરવડી શકે. આનો અર્થ એ થયો કે આજે હજાર રૂપિયાની નોટનું મૂલ્ય પાંચ વર્ષ પછીના તેનાં મૂલ્યથી ઊંચું છે. નોટ સમાન જ છે, પરંતુ જો તમારી પાસે તે આજે હોય તો તમે એ પૈસાથી ઘણું કરી શકો છો. ₹ ૧૦૦૦નું મૂલ્ય ફુગાવાને કારણે ઘટી જશે.

એકદમ પાયાનાં સ્તરે નાણાંનું સમય મૂલ્ય દર્શાવે છે કે સમય અક્ષરશઃ નાણું છે - હમણાં નાણાંનું જેટલું મૂલ્ય છે તેટલું ભવિષ્યમાં નહીં હોય અને ભવિષ્યનું મૂલ્ય હશે તે આજે નહીં હોય.

# ૩. યોગ્ય મૂડીરોકાણ વિકલ્પોની પસંદગી

મૂડીરોકાણનાં શ્રેષ્ઠ વિકલ્પની પસંદગી વ્યક્તિગત સંજોગો તેમ જ બજારની સામાન્ય સ્થિતિ પર આધાર રાખશે. એક હેતુ માટેનું મૂડીરોકાણ બીજાની જરૂરિયાતોને કદાચ માફક ન પણ આવે. યોગ્ય મૂડીરોકાણ એ ત્રણ બાબતનું સમતોલન છેઃ તરલતા, સલામતી અને વળતર

**તરલતા**
ખર્ચાને પહોંચી વળવા કેટલી સરળતાથી મૂડીરોકાણનું રોકડમાં રૂપાંતર થઈ શકે એનો આમાં સમાવેશ થશે. જીવનનાં સામાન્ય પ્રવાહમાં ઉદ્ભવતી તાકીદની જરૂરિયાતોને પહોંચી વળવાં કેટલાક તરલ મૂડીરોકાણની જરૂર પડે છે.

**સલામતી**
આ મૂડીરોકાણનાં જોખમના પરિબળ અંગે છે. સૌથી ખરાબ કિસ્સો રોકેલા તમામ નાણાં ગુમાવવાનો છે.
થોડી હળવી બાબત એટલે  આવક ગુમાવવી અથવા નીચી આવક વૃદ્ધિ અથવા મૂડીરોકાણની વૃદ્ધિ. ફુગાવો પણ એક જોખમ છે, કારણે નાણાંનું ખરીદ મુલ્ય ઘટે છે.

**વળતર**
મૂડીરોકાણ દ્વારા થતી આવક એ વિચારણાનું એક અન્ય પરિબળ છે. સલામત મૂડીરોકાણ સ્થિર, પરંતુ નીચી (ઓછી) આવક ઓફર કરે છે અને જોખમી મૂડીરોકાણ ઊંચા વળતરની ઓફર કરે છે અથવા વળતર બિલકુલ મળતું નથી.

કેટલાક ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના નાણાકીય મૂડીરોકાણના વિકલ્પ ઉપલબ્ધ છે, જેમાંના કેટલાક અહીં આગળ આપવામાં આવ્યા છે.

આમ, પંસદગી માટે મૂડીરોકાણનાં અલગ અલગ વિકલ્પ ઉપલબ્ધ છે. હવે પછીના પ્રકરણમાં અમે આ વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરીશું અને તેના વિષે સમજાવીશું.

# ૪. અસ્ક્યામતોની ફાળવણીનો વ્યૂહ

પ્રત્યેક અસ્ક્યામતનો વર્ગ પોતાનાં જોખમો અને વળતર ધરાવે છે. ઈક્વિટી મૂડીરોકાણોને જોખમી મૂડીરોકાણ ગણવામાં આવે છે, કારણ કે તેમાં રોકેલી સંપૂર્ણ મૂડીનું ધોવાણ પણ થઈ શકે છે, જ્યારે સરકારી બોન્ડ્સને જોખમ મુક્ત ગણવામાં આવે છે, કારણ કે તમને વિશ્વાસ હોય છે કે સરકાર વ્યાજની ચુકવણીઓમાં નિષ્ફળ નહીં જાય.

અહીં જ અસ્ક્યામતની ફાળવણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અસ્ક્યામતોની ફાળવણી એ તમારા નાણાંને તમારી આવક અને જોખમ લેવાની ક્ષમતા અનુસાર વિવિધ વર્ગની અસ્ક્યામતોમાં રોકાણ કરવા માટેની પદ્ધતિ છે.

અસ્ક્યામતની ફાળવણીમાં મહત્ત્વની ત્રણ બાબતો નક્કી કરવાની રહે છેઃ

- તમારા રોકાણની સમય મર્યાદા
- તમારી જોખમ લેવાવી ક્ષમતા
- તમારાં વ્યક્તિગત સંજોગો

તમારી ઉમર, જીવનશૈલી અને કુટુંબ પ્રતિની જવાબદારીઓને આધારે તમારાં નાણાકીય લક્ષ્યો જુદા-જુદા હશે. વિવિધ વર્ગની અસ્ક્યામતોમાં ભંડોળની ફાળવણી કરતી વખતે તમે વૈવિધ્યકરણનો લાભ લઈ શકો એ માટે ભંડોળની વિવિધ અસ્ક્યામતોના ફાળવાની કરવી એ મહત્ત્વનું છે.
સામાન્ય રીતે, ઉમર આધારિત રોકાણકારની ફાળવણીમાં જ્યારે ઈક્વિટીને ભંડોળ ફાળવવામાં આવે એનો આધાર રોકાણકારની ઉમર હોય છે. આ મોડેલનો મુખ્ય વિચાર એ છે કે રોકાણકારની ઉમર જેમ વધે તેમ તેનો પોર્ટફોલિયો વધુ સંયમિત થવો જોઈએ. આ એક સામાન્ય નિયમ છે. જોકે રોકાણકારને પોતાને શું અનુકૂળ આવશે એનો નિર્ણય એ જાતે કરે એ જ યોગ્ય હશે.

# ૫. સ્વાવલોકન

નાણાકીય દ્દષ્ટિએ તમે ક્યાં છો એ જાણવાં નાણાકીય સ્ટેટમેન્ટ (પત્રક) તૈયાર કરવું એ શ્રેષ્ઠ માર્ગ છે. નાણાકીય સ્ટેટમેન્ટમાં મુખ્ય બાબત વ્યક્તિની સંપૂર્ણ અસ્ક્યામતો અને જવાબદારીઓની ગણતરી છે.

### ધ્યેયો-લક્ષ્યો નક્કી કરવા

નાણાકીય આયોજનનું સૌથી મહત્ત્વનું પગલું તમે શું કરવા માગો છો એ જાણવા અને સમજવાનું છે. નાણાં એ તમારી ઈચ્છાઓને સંતોષવાં માટે વપરાતું સાધન છે. તમને ખરેખર શું જોઈએ છે એ જાણો તો તે પૂર્ણ કરવાં તમને કેટલું જોઈશે એનું આયોજન કરવામાં સરળતા રહેશે.

### અસ્ક્યામતોની યાદી બનાવવી

લક્ષ્યો એક વાર નક્કી કર્યા પછી પછી એ જેવું કે તે પૂરા કરવાં મા નાણાકીય વિકલ્પો ઉપલબ્ધ છે. અસ્ક્યામતોને તેમની તરલતા અને લાંબા ગાળાનાં મૂલ્યની સ્થિરતાને આધારે વર્ગીકરણ કરવાની જરૂર છે. અસ્ક્યામતોની પસંદગી અને વર્ગીકરણ તમને એ સમજવામાં મદદ કરશે કે તેમાંથી ક્યારે અને કેટલી રોકડ સર્જાશે. તમારાં ઘર, શેર્સ, મ્યુચ્યુઅલ ફંડ્સ, ફિક્સ્ડ ડિપોઝિટ્સ, સેવિંગ એકાઉન્ટમાં રાખેલા નાણાં સહિતના મૂડીરોકાણો વગેરેની તમારી બધી અસ્ક્યામતોની યાદી બનાવો.

### જવાબદારીઓની યાદી બનાવવી

ઉપલબ્ધ અસ્ક્યામતોની યાદી તૈયાર કરવાં જેટલો જ મહત્ત્વનું કાર્ય જવાબદારીઓનું કાર્ય તૈયાર કરવાનું છે. આદર્શ સ્થિતિ એ છે કે અસ્ક્યામતો હંમેશા જવાબદારીઓ કરતાં અધિક હોવી જોઈએ અન્યથા જવાબદારીઓ પૂરી કરવાં અસ્ક્યામતોમાં મૂડીરોકાણ કરવું જરૂરી થઈ જશે અને કેટલીક અસ્ક્યામતો આવક અને મૂડીરોકાણ હેતુ માટે બાકી રહેશે.

### સંભવિત ભાવિ કમાણી

તમારી ભાવિ કમાણીઓનો અંદાજ મેળવવા તમારે કેટલીક ધારણાઓ કરવી પડશે. એમાંની કેટલીક નીચે પ્રમાણેની હોઈ શકે:

જો તમે પગાર મેળવતાં કર્મચારી હો તો તમારી પગારની આવક નિવૃત્તિ સુધીમાં વર્ષે ૮ ટકાના દરે વધશે એમ ધારી લેવું સલામત રહેશે.

ડેટ રોકાણો પરના વળતરમાં વર્ષે ૭ ટકા અને ઈક્વિટી મૂડીરોકાણ પરના વળતરમાં વર્ષે ૧૨ ટકાનો વધારો થશે એમ ધારી શકાય.

ઉપરોક્ત કહેલા માત્ર નિર્દેશાત્મક વળતરો છે. વાસ્તવિક વળતરો બજારની પરિસ્થિતિઓ પ્રમાણે ભિન્ન ભિન્ન હોઈ શકે છે.

### શક્ય ભાવિ ખર્ચાઓ

અહીં પણ તમારે ધારણા કરવી પડશે, જેમ કે લાંબા ગાળાનો ફુગાવા દર વર્ષે ૫ ટકાનો રહેશે.
ઘરેલુ અને અંગત જીવનનો ખર્ચ (મનોરંજન, શિક્ષણ, લગ્ન વગેરે) વર્ષે ૮ ટકા (ફુગાવાના દર કરતાં ૩ ટકા અધિક) ના દરે વધે છે.

### આયોજન

અસ્ક્યામતોમાંથી સર્જાતા રોકડ પ્રવાહોની સાથે જવાબદારીઓનો મેળ બેસાડવો એ જ નાણાકીય આયોજનનું હાર્દ છે. નાણાકીય આયોજનમાં લક્ષ્યોને જવાબદારીઓ ગણવામાં આવે છે, કારણ કે તેમાં રોકડની જાવક થાય છે. આ બહુચરણાત્મક અભિગમ છે.

### ઉદાહરણ:

ધારો કે તમારું લક્ષ્ય તમારાં બાળકના ઉચ્ચ શિક્ષણ માટે પર્યાપ્ત નાણાંની વ્યવસ્થા કરવાનો છે.

**ચરણ ૧:** તમારાં બાળકને ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણની ક્યારે જરૂર પડશે એટલા વર્ષોની સંખ્યા ગણો.

**ચરણ ૨:** આજનું શૈક્ષણિક ખર્ચ નક્કી કરો. આની ગણતરી તમે પ્રોફેશનલ કોર્સની વર્તમાન કિંમતને અંદાજિત વાર્ષિક ફુગાવાના દર સાથે ગુણીને કરી શકશો.

**ચરણ ૩:** ધારો કે આજે પ્રોફેશનલ કોર્સની આજની કિંમત ₹ ૧ લાખ છે. આજથી ૧૨ વર્ષ પછી તેની કિંમત ધારેલા વાર્ષિક ૫ ટકાના ફુગાવાનાં દર સાથે ₹ ૧,૦૦,૦૦૦ **X** ૧.૦૫(૧૨) = ૧,૭૯,૫૮૫ થશે.

**ચરણ ૪:** હવે પછીનું પગલું ભાવિ રોકડ ખર્ચની વર્તમાન મુલ્યની ગણતરી કરવાનું છે. આ ગણવા માટે તમારે નાણાંના ભાવિ મૂલ્યને તમારાં અપેક્ષિત વળતરના દર દ્વારા ભાગવાનું રહેશે.
₹ ૧,૦૦,૦૦૦નું ભાવિ મૂલ્ય ઉપર ગણ્યા પ્રમાણે ₹ ૧,૭૯,૫૮૫ થશે. ૧૨ વર્ષ માટે ૮ ટકાના અંદાજિત વાર્ષિક દરે એ ભાવિ મૂલ્યનું વર્તમાન મૂલ્ય ₹ ૧,૭૯,૫૮૫ / ૧.૦૮^૧૨ જે બરાબર ₹ ૭૧,૩૧૫ થશે એટલે ૧૨ વર્ષ પછી તમારાં બાળકના શિક્ષણ માટે ₹ ૧,૦૦,૦૦૦ ખર્ચવા આજે તમારે ₹ ૭૧,૩૧૫ અસ્ક્યામતમાં રોકવા પડશે.

**ચરણ ૫:** ભવિષ્યમાં આવવાની ધારણા રાખતાં હો એ પ્રત્યેક રોકડ પ્રવાહનું વર્તમાન મૂલ્ય તમારે ગણવું જોઈએ અને ભવિષ્યના ખર્ચને પહોંચી વળે એટલી આવક કરતી અસ્ક્યામત શોધવી પડે. આ પ્રક્રિયાનું પુનરાવર્તન તમારે તમારાં બધા ભાવિ લક્ષ્યાંકો માટે કરવાની જરૂર રહેશે. તમારાં ભાવિ ખર્ચાની ગણતરી કરો અને આજે જ બચત શરૂ કરો, જેથી તમે તે બધાને પહોંચી વળી શકવાની સ્થિતિમાં હો.

# ૬. બચતો અને મૂડીરોકાણ સંબંધિત માધ્યમો

## બેન્કો

બેન્ક ડિપોઝિટ્સ એ સલામત મૂડીરોકાણ છે, કારણ કે ભારતની ડિપોઝિટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરેન્ટી સ્કીમ હેઠળ તમામ બેન્ક ડિપોઝિટ્સ વધુમાં વધુ ₹ ૧,૦૦,૦૦૦ સુધીનું વિમા કવચ ધરાવે છે. બેન્કો નિયંત્રણને આધીન છે અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા નિયમન કરવામાં આવે છે. તેઓ ગ્રાહકની જરૂરિયાતોને આધારે વિવિધ પ્રકારની ડિપોઝિટ ઓફર કરે છે. બેન્ક ડિપોઝિટસ તેમનાં વળતર કરતાં તેમની પ્રવાહિતા અને સલામતી માટે વધુ પસંદ કરવામાં આવે છે. ફિક્સ્ડ ડિપોઝિટ રિસિપ્ટ્સ સામે ડિપોઝિટ રકમની ૭૫-૯૦ ટકા સુધીની લોન મેળવવાનું શક્ય છે.

## ડિપોઝિટનાં પ્રકાર અને મુખ્ય લક્ષણો

### સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ (બચત બેન્ક ખાતું)

- લોકો દ્વારા અવારનવાર વપરાતું પ્રથમ બેન્કિંગ વિકલ્પ છે.
- નીચું વ્યાજ તેમ છતાં, ઊંચી પ્રવાહિતા હોય છે.
- ગ્રાહકોમાં બચતની આદત કેળવવા માટે યોગ્ય છે.

### બેન્ક ફિક્સ્ડ ડિપોઝિટ (બેન્ક એફડી)

- નિશ્ચિત વ્યાજ દરે નિર્ધારિત સમય (૩૦ દિવસથી ઓછા નહીં) માટે બેન્કમાં ફંડ મૂકવામાં આવે છે
- બેન્ક એફડી માટે આદર્શ મૂડીરોકાણ સમય ૬થી ૧૨ મહિનાનો છે, કારણ કે સામાન્યતઃ ૬ મહિનાથી ઓછી મુદતની બેન્ક એફડી પર વ્યાજ પણ લગભગ ઓછું હોવાની શક્યતા છે.
- સમય મર્યાદા મહત્ત્વની છે, કારણ કે વહેલો ઉપાડ દંડને પાત્ર બની શકે છે

### રિકરિંગ ડિપોઝિટ એકાઉન્ટ

- પૂર્વ નિશ્ચિત મુદત માટે દર મહિને કેટલીક નિશ્ચિત રકમ જમા કરવામાં આવે છે
- સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ કરતાં વધુ વ્યાજ મળે છે
- દર મહિને નિશ્ચિત રકમની બચતમાં મદદ કરે છે

### સ્પેશિયલ બેન્ક ટર્મ ડિપોઝિટ સ્કીમ

- આ એક કર બચત યોજના છે, જે બેંક પાસે ઉપલબ્ધ છે
- ઈન્કમ ટેક્સના ૮૦સી સેક્શન હેઠળ રાહત ઉપલબ્ધ છે
- પાંચ વર્ષની મુદતની ફિક્સ્ડ ડિપોઝિટ એ શિડ્યૂલ બેન્કમાં ફરજિયાત છે

## સરકારી યોજનાઓ

### કર બચત યોજનાઓ

**ભારત સરકારે આવક વેરો બચાવતી યોજનાઓ શરૂ કરી છે, જેમાં નીચેની યોજનાઓ પણ સમાવેશ થાય છેઃ**

- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (એનએસસી)
- પબ્લિક પ્રોવિડંટ ફંડ (પીપીએફ)
- પોસ્ટ ઓફિસ સ્કીમ (પીઓએસ)

મૂડીરોકાણમાંથી થતી આવક આવક વેરામાંથી બાદ મળે છે અને આ યોજનાઓમાં કરેલું મૂડીરોકાણ કેટલીક મર્યાદાને આધીન કરપાત્ર આવકમાંથી બાદ કરવામાં આવે છે.

### નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ્સ (એનએસસી)

- જાણીતી આવક વેરા બચત યોજના જે, વર્ષભર ઉપલબ્ધ છે
- વ્યાજ દર ૮ ટકા
- ₹ ૧૦૦નું ઓછામાં ઓછું મૂડીરોકાણ અને ઉપલી મર્યાદા કોઈ નહીં
- પાકવાની મુદત ૬ વર્ષ
- ટ્રાન્સફર કરી શકાય અને આ સ્કીમના આધારે લોનની જોગવાઈ

### પબ્લિક પ્રોવિડંટ ફંડ (પીપીએફ)

- વાર્ષિક ૮ ટકાનો વ્યાજ દર
- લઘુતમ રોકાણ મર્યાદા ₹ ૫૦૦ અને મહત્તમ ₹ ૧,૦૦,૦૦૦
- પાકવાની મુદત ૧૫ વર્ષ
- એકાઉન્ટ ખોલાવ્યાની તારીખથી ત્રીજા નાણાકીય વર્ષમાં પ્રથમ લોન લઈ શકાય અને તે પણ પ્રથમ નાણાકીય વર્ષના અંતે જમા થયેલી રકમના ૨૫ ટકા સુધી. લોનની રકમ વધુમાં વધુ ૩૬ હપ્તામાં પરત કરી શકાય.
- વ્યક્તિ ૭માં વર્ષથી (૭ વર્ષ બાદ) દર વર્ષે રકમ ( બેલેન્સના ૫૦ ટકાથી વધુ નહીં) ઉપાડી શકે.

### પોસ્ટ ઓફિસ સ્કીમ (પીઓએસ)

- આ ઉત્તમ આવક વેરા બચત યોજનાઓમાંની એક છે.
- આ વર્ષભર ઉપલબ્ધ રહે છે.
- પોસ્ટ ઓફિસ સ્કીમ્સ મૂડીરોકાણનાં પ્રકાર અને પાકવાની મુદત પર આધાર રાખે છે, જે નીચે મુજબની શ્રેણીમાં

### વિભાજિત કરી શકાયઃ

- મંથલી ડિપોઝિટ
- સેવિંગ ડિપોઝિટ
- ટાઈમ ડિપોઝિટ
- રિકરિંગ ડિપોઝિટ

### ઈક્વિટી લિન્ક્ડ સેવિંગ્સ સ્કીમ (ઈએલએસએસ)

- ડાઈવર્સિફાઈડ ઈક્વિટી ફંડની પ્રતિકૃતિ છે. જોકે, સેક્શન ૮૦સી હેઠળ કર લાભ મળે
- ૩ વર્ષનો લોક-ઈન-પિરિયડ
- ડિવિડંડ પણ કરમુક્ત હોય છે
- આ યુનિટના વેચાણ પર લાંબા ગાળાનાં મૂડી નફાનો લાભ મેળવી શકાય, જેના પર કેપિટલ ગેઈન ટેક્સ ચુકવવાનો હોતો નથી.
- લઘુતમ (ઓછામાં ઓછું) મૂડીરોકાણ ₹ ૫૦૦ અને ત્યાર પછી તેના ગુણાંકમાં
- મૂડીરોકાણકાર પદ્ધતિસર મૂડીરોકાણ યોજનાનો વિકલ્પ પસંદ કરી શકે

### ઇન્ફ્રાસ્ટ્કચર બોન્ડસ
- ૩ વર્ષનો લોક-ઇન-પિરિયડ
- ₹ ૨૦,૦૦૦ સુધીના રોકાણ પર સેક્શન ૮૮ હેઠળ કરલાભ
- સમય પાકતા પહેલા કંઈ પણ રકમનાં ઉપાડને (રીડમ્પશન) કરમૂક્તિનાં લાભ જતો રહે છે.

# બોન્ડ્સ

બોન્ડ્સ એ એક પ્રકારની લોન છે, જે ખરીદદાર બોન્ડનાં ઈશ્યુઅરને આપે છે અને બદલામાં વ્યાજ મેળવે છે. કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ અને સરકાર પણ બોન્ડ્સ ઈશ્યુ કરી શકે છે. ખરીદદારને વેચાણકર્તા પાસેથી વ્યાજની આવક મળે છે અને બોન્ડ પાકવાની નિર્ધારિત તારીખે ખરીદદારને બોન્ડની મૂળ રકમ પાછી મળે છે.

## બોન્ડ્સના પ્રકાર

**ટેક્સ-સેવિંગ બોન્ડ્સ (કર-બચત બોન્ડ્સ)**
ટેક્સ-સેવિંગ બોન્ડ્સ સ્કીમ અને સરકારી જાહેરનામાના આધારે મૂડીરોકાણની નિર્દિષ્ટ રકમ સુધીની કર છૂટ ઓફર કરે છે. ઉદાહરણ નીચે મુજબ છેઃ

**ઇન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ના સેકશન ૮૮ હેઠળ ઇન્ફ્રાસ્ટક્ચર બોન્ડ્સ**
- ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ના સેકશન ૫૪ ઈસી હેઠળ નાબાર્ડ/એનએચએઆઈ/આરઈસી બોન્ડ્સ
- આરબીઆઈ ટેક્સ રિલીફ બોન્ડ્સ

### રેગ્યુલર ઈન્કમ બોન્ડ્સ
રેગ્યુલર ઈન્કમ બોન્ડ્સ નિયમિત, પૂર્વનિશ્ચિત સમયાંતરે આવકનો સ્થિર સ્રોત પૂરો પાડે છે. ઉદાહરણ છેઃ
- ડબલ યોર મની બોન્ડ
- સ્ટેપ-અપ ઈન્ટરેસ્ટ બોન્ડ
- રિટાયરમેન્ટ બોન્ડ
- એન્કેશ બોન્ડ
- એજ્યુકેશન બોન્ડ
- મની મલ્ટીપ્લાયર બોન્ડ્સ
- ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડ્સ

### મુખ્ય વિશિષ્ટતાઓ
- ક્રિસિલ, ઈકરા, કેર, ફિચ ઈત્યાદિ સ્પેશિયલાઈઝ્ડ ક્રેડિટ રેટિંગ એજન્સી દ્વારા રેટિંગ આપવામાં આવે છે. બોન્ડ્સ પરનું વળતર ક્રેડિટ (સલામતી) રેટિંગ સાથેના વ્યસ્ત પ્રમાણમાં બદલાય છે.
- નિયમિત આવક માટે યોગ્ય. બોન્ડના પ્રકારના આધારે છ મહિને, ત્રણ મહિને અથવા મહિને વ્યાજ મળે છે.
- બોન્ડ્સ બન્ને પ્રાયમરી અને સેકન્ડરી માર્કેટમાં ઉપલબ્ધ છે
- બજાર ભાવનો આધાર મેચ્યુરિટીએ વળતર, પ્રવર્તમાન વ્યાજ દર અને ઈશ્યુઅરના રેટિંગ પર છે.
- વ્યક્તિ આ બોન્ડ્સ બેન્કમાં ગીરવે મૂકી તેની સામે ઉધાર લઈ શકે છે
- લઘુતમ મૂડીરોકાણ ₹ ૫૦૦૦થી ₹ ૧૦,૦૦૦નું હોય છે.
- સમયગાળો સામાન્યતઃ પાંચ અને સાત વર્ષની વચ્ચેનો હોય છે
- ડીમેટ ફોર્મમાં ધારણ કરી શકાય છે

# ડિબેન્ચર્સ

### ડિબેન્ચર્સની મુખ્ય ખાસિયતો
- બોન્ડ્સની જેમ જ વિવિધ મેચ્યુરિટી સાથેનાં ફિક્સ્ડ રેટ ડેટ ઈન્સ્ટ્રમેન્ટ્સ છે, પરંતુ કંપનીઓ દ્વારા ઈશ્યુ કરવામાં આવે છે
- પ્રાઈવેટલી પ્લેસ્ડ કરાય છે અથવા સબસ્ક્રિપ્શન માટે ઓફર કરાય છે
- સ્ટોક એકસચેન્જ પર લિસ્ટેડ હોય અથવા ન પણ હોય. જો તે સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ કરવામાં આવ્યાં હોય તો લિસ્ટિંગ પૂર્વે સેબી દ્વારા નિયુક્ત ક્રેડિટ રેટિંગ એજન્સી દ્વારા તેમને રેટિંગ મળ્યું હોવું જોઈએ.
- મેચ્યુરિટી પિરિયડ સામાન્યપણે ૩થી ૧૦ વર્ષ સુધીનો હોય છે.

### ડિબેન્ચર્સના પ્રકાર

**કંપની વિવિધ પ્રકારનાં ડિબેન્ચર્સ ઓફર કરી શકે છે, જે નીચે મુજબ છેઃ**

- નોન કન્વર્ટિબલ ડિબેન્સર્ચ (એનસીડી) - પાકતી તારીખે ડિબેન્ચર્સની પૂર્ણ કિંમત રોકાણકારોને પરત કરવામાં આવે છે.
- પાર્શિયલી કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (પીસીડી) - પાકતી તારીખે ડિબેન્ચર્સની કુલ કિંમતના અવકમાન રોકણકારોને પરત કરવામાં આવે છે. અને બાકીનો ભાગ ઈક્વિટી શેર્સમાં રૂપાંતર કરાય છે, જેમાં મૂડીરોકાણકારને વિકલ્પ આપ્યો હોય અથવા ન પણ આપ્યો હોય.
- ફુલ્લી કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એફસીડી) આવતી તારીખે ડિબેન્ચર્સના - પાકતી તારીખે ડિબેન્ચર્સમાં રૂપાંતર થાય છે. રૂપાંતરણની કિંમત (કન્વર્ઝન પ્રાઈસ) ડિબેન્ચર્સ ઈશ્યુ કરતી વખતે જણાવવામાં આવે છે.

## કંપની ફિક્સ્ડ ડિપોઝિટ્સ

### મુખ્ય ખાસિયતો

- કંપની દ્વારા ઓફર કરાતી ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ. બેંક ડિપોઝિટ જેવી જ છે.
- નાના રોકાણકારો પાસેથી નાણાં ઉછીનાં લેવા કંપની દ્વારા આનો ઉપયોગ થાય છે.
- મૂડીરોકાણની મુદત સંભાળપૂર્વક પસંદ કરવી જોઈએ, કારણ કે મોટાભાગની એફડી મુદત પૂર્ણ થયાં પહેલાં વટાવી શકાતી નથી.
- બેન્ક ડિપોઝિટ જેટલી સલામત નથી. કંપની ડિપોઝિટ્સ અનસિક્યોર્ડ છે.
- બેન્ક એફડી કરતાં ઊંચું વળતર ઓફર કરે છે, કારણકે તેમની સાથે વધુ જોખમો સંકળાયેલાં છે.
- તેમની સલામતી માટે રેટિંગ માર્ગદર્શક બની શકે.

## મ્યુચ્યુઅલ ફંડ્સ

મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો પાસેથી નાણાં એકત્ર કરે છે અને આ નાણાં સ્ટોક્સ, બોન્ડ્સ, શોર્ટ ટર્મ મની-માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, અન્ય સિક્યુરિટીઝ અથવા અસ્ક્યામતોમાં અથવા આ ઈન્વેસ્ટમેન્ટનાં કેટલાંક સંયોજનમાં રોકે છે. મ્યુચ્યુઅલ ફંડની માલિકીનું મિશ્રિત હોલ્ડિંગ પોર્ટફોલિયો તરીકે ઓળખાય છે. દરેક યુનિટ ફંડ્સના હોલ્ડિંગ્સની રોકાણકારની પ્રમાણસરની માલિકી અને તેના પર થતી કમાણીનું પ્રતિનિધિત્વ કરે છે.

### મ્યુચ્યુઅલ ફંડ્સની વિશિષ્ટતાઓ

- પ્રોફેશનલ મેનેજમેન્ટ - રોકાણકરોના નાણાં ફંડ મેનેજરો મારફત રોકવામાં આવે છે
- વૈવિધ્યીકરણ (ડાઈવર્સિફિકેશન) - ડાઈવર્સિફિકેશન એ એક મૂડીરોકાણનો વ્યૂહ છે જેને ટૂંકમાં એમ કહી શકાય કે એક જ ટોપલીમાં બધાં ઈંડાં ન રાખો. વ્યક્તિગત સ્ટોક અથવા બોન્ડ્સની માલિકીને બદલે મ્યુચ્યુઅલ ફંડમાં માલિકીનો ભાગ ધરાવવાથી જોખમ ફેલાય જાય છે (વહેંચાઈ જાય છે.)
- ઈકોનોમી ઓફ સ્કેલ - મ્યુચ્યુઅલ ફંડ્સ એક સમયે મોટા પ્રમાણમાં સિક્યુરિટીઝ ખરીદે અને વેચે છે, એટલે વ્યવહાર ખર્ચ પણ સિક્યુરિટીઝ માટે વ્યક્તિ દ્વારા ચૂકવાતા ખર્ચથી ઓછો આવે છે.
- તરલતા - વ્યક્તિ ગત શેર્સની માફક જ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ બજારમાં વેચીને તેનું નાણાંમાં રૂપાંતર કરી શકાય છે.
- સરળતા - મ્યુચ્યુઅલ ફંડ ખરીદવાનું સરળ છે. ઘણી બેન્કોએ તેમનાં પોતાના મ્યુચ્યુઅલ ફંડ્સ સ્પોન્સર કર્યાં છે અને લઘુતમ મૂડીરોકાણની રકમ નાની છે.
- મ્યુચ્યુઅલ ફંડ્સમાં મૂડીરોકાણ કરતાં પહેલાં મૂડોરોકાણકારો એ ઉપરોક્ત દરેક વિશિષ્ટતાનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

### મ્યુચ્યુઅલ ફંડ્સના પ્રકાર

દરેક મ્યુચ્યુઅલ ફંડ પાસે પૂર્વનિશ્ચિત મૂડીરોકાણ લક્ષ્ય હોય છે જે ફંડ્સની અસ્ક્યામતો, મૂડીરોકાણનાં પ્રદેશ અને મૂડીરોકાણનાં વ્યૂહને તદાનુસારના બનાવે છે. મૂળભૂત સ્તરે, મ્યુચ્યુઅલ ફંડ્સનાં ત્રણ પ્રકાર છેઃ

- ઈક્વિટી ફંડ્સ (સ્ટોક્સ - શેર્સ)
- ફિક્સ્ડ-ઈન્કમ ફંડ્સ (બોન્ડ્સ)
- મની માર્કેટ ફંડ્સ

તમામ મ્યુચ્યુઅલ ફંડ્સ આ અસ્કયામત વર્ગના વિવિધ સ્વરૂપે છે. દા.ત. ઝડપથી વૃદ્ધિ પામતી કંપનીઓમાં મૂડીરોકાણ કરનારાં ઈક્વિટી ફંડ્સ ગ્રોથ ફંડ્સ કહેવાય છે, જ્યારે માત્ર સમાન ક્ષેત્ર અથવા પ્રદેશની કંપનીઓમાં મૂડીરોકાણ કરનારાં ઈક્વિટી ફંડ્સ સ્પેશિયાલિટી ફંડ્સ તરીકે ઓળખાય છે.

ફંડ પાકવાની તારીખ(મેચ્યુરિટી ડેટ)ના આધારે મ્યુચ્યુઅલ ફંડ્સનું વર્ગીકરણ ઓપન-એન્ડેડ અને ક્લોઝ્ડ-એન્ડ તરીકે પણ કરી શકાય છે.

### ઓપન-એન્ડેડ ફંડ્સ

- ઓપન-એન્ડેડ ફંડ્સ મેચ્યુરિટી ડેટ ધરાવતાં નથી.
- મૂડીરોકાણકારો એસેટ મેનેજમન્ટ કંપની (એએમસી) પાસેથી તેમની મ્યુચ્યુઅલ ફંડ ઓફિસ અથવા તેમના ઈન્વેસ્ટર સર્વિસ સેન્ટર (આઈએસસી) અથવા સ્ટોક એક્સચેન્જ મારફત ઓપન-એન્ડેડ ફંડનાં યુનિટ્સ ખરીદી અને વેચી શકે છે.
- મ્યુચ્યુઅલ ફંડમાં જે ભાવે ખરીદી અને રિડમ્પશન વ્યવહારો થાય છે તે ભાવ ફંડની નેટ એસેટ વેલ્યુ (એનએવી) પર આધારિત હોય છે.

### ક્લોઝ્ડ-એન્ડ ફંડ્સ

- ક્લોઝ્ડ-એન્ડ ફંડસ ચોક્કસ સમય માટે ચાલે છે
- ચૌકસ પાકતી  તારીખે, તમામ યુનિટ્સ યુનિટ્સ વેચી દેવાય છે અને યોજના બંધ થાય છે.
- તરલતા પૂરી પાડવાં માટે યુનિટ્સ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ હોવા જોઈએ.
- મૂડીરોકાણો શેર બજારમાં પ્રવર્તમાન ભાવે તેઓની વચ્ચે યુનિટ્સ વેચે અને ખરીદે છે.

### મની માર્કેટ ફંડ્સ

- (સામાન્યતઃ એક વર્ષ કે તેજ ઓછી મુદત) ના આવાકનાં સાધનોમાં મૂડીરોકાણ થાય છે.
- વળતર કદાચ ખૂબ ઊંચું ન હોય, પરંતુ મુદ્દલ સલામત હોય છે.
- બચત ખાતાં કરતાં વધુ સારા વળતરની ઓફર કરે છે, પરંતુ તરલતા સાથે સમાધાન કર્યા વિના ફિક્સ્ડ ડિપોઝિટ કરતાં ઓછું વળતર આપે છે.

### બોન્ડ/ઈન્કમ ફંડ્સ

- સ્થિરતાના ધોરણે વર્તમાન આવક પૂરી પાડવાનો હેતુ
- મુખ્યત્વે સરકારી અને કોર્પોરેટ ડેટમાં મૂડીરોકાણ કરે છે
- ફંડ હોલ્ડિંગના મૂલ્યમાં કદાચ વધારો થાય, પરંતુ આ ફંડ્સનો મુખ્ય હેતુ મૂડીરોકાણકારોને સ્થિર રોકડ પ્રવાહ પૂરો પાડવાનો છે

### બેલેન્સ્ડ ફંડ્સ (સમતોલ ભંડોળ)

- સલામતી, આવક અને મૂડી વધારાનું સમતોલ મિશ્રણ પૂરું પાડવાનો ધ્યેય હોય છે.
- ફિક્સ્ડ આવક અને ઈક્વિટીઝના સંયોજનમાં મૂડીરોકાણ કરવાનો વ્યુહ રચના હોય છે.

### ઈક્વિટી ફંડ્સ (શેરભંડોળ)

- શેર્સ અને સ્ટોક્સમાં મૂડીરોકાણ કરવામા આવે છે.
- મ્યુચ્યુઅલ ફંડના સૌથી મોટા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે
- મૂડીરોકાણનો હેતુ કેટલીક આવક સાથે લાંબા ગાળે મુડીવૃદ્ધિનો હોય છે.
- મૂડીરોકાણનાં હેતુના વિવિધ પ્રકારોને કારણે ઈક્વિટી ફંડના ઘણાં જુદા જુદા પ્રકારો હોય છે.

### વિદેશી/આંતરરાષ્ટ્રીય ફંડ્સ

- આંતરરાષ્ટ્રીય ફંડ (અથવા વિદેશી ફંડ) વતન રાષ્ટ્રની બહાર હોય એવી કંપનીની ઈક્વિટીમાં મૂડીરોકાણ કરે છે.

### ક્ષેત્રીય ફંડ્સ

- આ ફંડનું લક્ષ્ય અર્થતંત્રના ચોક્કસ ક્ષેત્ર છે, જેમ કે આર્થિક, ટેક્નોલોજી, આરોગ્ય ઈત્યાદિ.

### ઈન્ડેક્સ ફંડ્સ

- આ પ્રકારનાં મ્યુચ્યુઅલ ફંડ્સ વિશાળ બજાર ઈન્ડેક્સ, જેમ કે સેન્સેક્સ અથવા નિફ્ટીની કામગીરીની પ્રતિકૃતિ દર્શાવે છે.
- ઈન્ડેક્સ ફંડ માત્ર બજારનાં વળતરની પ્રતિકૃતિ દર્શાવે છે અને મૂડીરોકાણકારોને ઓછી ફીના સ્વરૂપમાં લાભ આપે છે.

## ઈક્વિટી શેર

સામાન્ય અને પસંદગીનાં શેરના ધારકોનો કંપનીમાં માલિકી હિસ્સો હોય છે.
શેર બજાર એ નક્કી કરેલી કિંમતે કંપનીના શેર્સના ટ્રેડિંગ માટેનું જાહેર બજાર છે; આ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ થયેલી સિક્યુરિટીઝ છે.

આ શેર્સનું સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટિંગ અને ટ્રેડિંગ થાય છે, જે સેકન્ડરી માર્કેટમાં સ્ટોકની ખરીદી અને વેચાણની સગવડ પૂરી પાડે છે. બીએસઈ તરીકે જાણીતું ધ સ્ટોક એક્સચેન્જ મુંબઈ અને એનએસઈ તરીકે જાણીતું નેશનલ સ્ટોક એક્સચેન્જ એ ભારતમાં મુખ્ય સ્ટોક એક્સચેન્જો છે. સ્ટોક એકસચેન્જ એ ખરીદદાર અને વેચાણકાર વચ્ચે સિક્યુરિટીઝ ના ટ્રેડિંગને સરળ બનાવે છે,. આમબજાર પર પાડે છે. બીજા મૂડીરોકાણોની સરખામણીએ ઈક્વિટીમાં મૂડીરોકાણ વધુ જોખમભર્યું અને નિશ્ચિતપણે વધુ સમય માગનારું છે.

### ઈક્વિટીમાં બે પ્રકારે મૂડીરોકાણ થઈ શકે છે:

- પ્રાઈમરી માર્કેટ મારફત (કંપની દ્વારા જનતાને ઓફર કરાતાં શેર્સ માટે અરજી કરીને)
- સેકન્ડરી માર્કેટ મારફત (શેરબજાર પર નોંધાયેલ થયેલાં શેર્સ ખરીદીને)

પ્રથમ બજારોને સમજ્યા બાદ, યોગ્ય કંપની, શેર અને ભાવની પસંદગી કરવા વિશે જાણવું પણ મહત્ત્વનું છે. થોડું સંશોધન, વૈવિધ્યીકરણ અને યોગ્ય નિરીક્ષણ રોકાણકાર માટે સારું વળતર સુનિશ્ચિત કરે છે.

## ડિપોઝિટરી સિસ્ટમ

શેર્સમાં મૂડીરોકાણ કરવાં, શેર્સનું ડીમટિરિયલાઈઝેશન શું છે એ સમજી લેવું જરૂરી છે, કારણ કે મોટા ભાગનાં શેર્સ હવે ડીમેટ સ્વરૂપમાં હોય છે. અગાઉ ફિઝિકલ (નક્કર) શેર સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવતાં હતાં, જે હવે ઈલેક્ટ્રોનિક ફોર્મમાં (વિજાણું સ્વરૂપમાં) પરિવર્તિત કરવામાં આવ્યાં છે. આ માટે, ડિપોઝિટરી સિસ્ટમને સમજવાનું આવશ્યક બને છે.

ડિપોઝિટરી એ એવી સંસ્થા છે, જે મૂડીરોકાણકારોએ રજિસ્ટર્ડ ડિપોઝિટર પાર્ટિસિપન્ટ મારફત કરેલી વિનંતીને ધ્યાનમાં રાખી મૂડીરોકાણકારની સિક્યુરિટીઝ (જેમ કે, શેર્સ, ડિબેન્ચર્સ, બોન્ડ્સ, સરકારી સિક્યુરિટીઝ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ ઈત્યાદિ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ધારણ કરે છે. તે સિક્યુરિટીઝમાં વ્યવહારો સંબંધિત સેવાઓ પણ પૂરી પાડે છે. તેની સરખામણી બેન્ક સાથે થઈ શકે , જે ડિપોઝિટરોના ભંડોળને ધારણ કરે છે.

હાલમાં બે ડિપોઝિટરીઝ નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિ. (એનએસડીએલ) અને સેન્ટ્રલ ડિપોઝિટરી સિસ્ટમ્સ (ઈન્ડિયા) લિ. (સીડીએસએલ) છે, જે સેબીમાં રજિસ્ટર્ડ થયેલી છે.

ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) એ ડિપોઝિટરીનો એક એજન્ટ છે, જેના મારફત તે મૂડીરોકાણ સાથે સંપર્કમાં આવે છે અને ડિપોઝિટરી સેવાઓ પૂરી પાડે છે. જાહેર નાણાકીય સંસ્થાઓ, શિડ્યૂલ્ડ કમર્શિયલ બેન્કો, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મંજૂરી સાથે ભારતમાં કામકાજ કરતી વિદેશી બેન્કો, રાજ્ય નાણાકીય નિગમો, કસ્ટોડિયન્સ, શેરબ્રોકરો, ક્લિયરિંગ કોર્પોરેશન/ક્લિયરિંગ હાઉસીસ, એનબીએફસી અને શેર ટ્રાન્સફર એજન્ટ અથવા ઈશ્યુના રજિસ્ટ્રાર સેબી દ્વારા સૂચિત ધોરણોનું પાલન કરી ડીપી તરીકે નોંધણી કરાવી શકે. બેન્કિંગ સેવાઓ શાખા મારફત મેળવી શકાય, જ્યારે ડિપોઝિટરી સેવાઓ ડીપી મારફત પ્રાપ્ત કરી શકાય છે.

હવે સ્ટોક એક્સચેન્જમાં સોદા કરવાં અથવા પબ્લિક ઈશ્યુ માટે અરજી કરવાં લાભ લેનારનું ખાતું (બેનિફિશિયલ ઓનર એકાઉન્ટ) (બીઓ) ખોલાવવાનું દરેક મૂડીરોકાણ માટે ફરજિયાત છે. તેથી, નીચે જણાવેલા ફાયદાઓને ધ્યાનમાં લેતાં, લાભ લેનારનું ખાતું (બીઓ) એકાઉન્ટ હોવું એ સલાહભર્યું છે.

જોકે, ભૌતિક સ્વરૂપમાં નાનાં મૂડીરોકાણકારો (વધુમાં વધુ ૫૦૦ શેર્સ, તેમનું મૂલ્ય ગમે તે હોય) દ્વારા ટ્રેડિંગને (વેપાર) સરળ બનાવવાં સ્ટોક એક્સચેન્જો વધારાની ટ્રેડિંગ વિન્ડો પૂરી પાડે છે, જે નાનાં રોકાણકારોને ફરજિયાત ડીમેટ યાદીમાં હોય એવાં ભૌતિક શેર્સ વેચવાની એક વખતની સગવડ આપે છે. ખરીદદારે આ પ્રકારનાં શેર્સ બીજાને વેચવાં પૂર્વે તેને ડીમેટમાં ફેરવવાં પડે છે.

**ડિપોઝિટરી સેવાઓ પ્રાપ્ત કરવાના ફાયદા :**

- સિક્યુરિટીઝ ધારણ કરવાનો સલામત અને અનુકૂળ માર્ગ
- સિક્યુરિટીઝની તાત્કાલિક ટ્રાન્સફર
- સિક્યુરિટીઝની ટ્રાન્સફર પર કોઈ સ્ટેમ્પ ડ્યૂટી નહીં
- ભૌતિક સર્ટિફિકેટ સાથે સંકળાયેલા બેડ ડિલિવરી, બનાવટી સિક્યુરિટીઝ, વિલંબ, ચોરી જેવાં જોખમો નાબૂદ થાય છે
- સિક્યુરિટીઝની ટ્રાન્સફર સાથે સંકળાયેલા પેપરવર્કમાં ઘટાડો
- વ્યવહાર ખર્ચમાં ઘટાડો
- ઑડ લૉટની કોઈ સમસ્યા નહીં, એક શેરનો સોદો પણ થઈ શકે
- નોમિનેશનની સુવિધા
- ડીપી પાસેનાં રેકોર્ડમાંનાં સરનામામાં ફેરફારની નોંધણી એ તમામ કંપનીઓમાં ઈલેક્ટ્રોનિક રીતે થઈ જાય છે, જેમાં રોકાણકાર સિક્યુરિટીઝ ધારણ કરતો હોય; દરેક કંપનીને  અલગ પત્ર દ્વારા જાણ કરવાની જરૂર પડતી નથી.
- ડીપી દ્વારા જ સિક્યુરિટીઝ ટ્રાન્સફર થઈ જાય છે; કંપનીઓ સાથે પત્રવ્યવહાર કરવાની જરૂર રહેતી નથી
- બોનસ/વિભાજન/એકત્રીકરણ/મર્જર ઈત્યાદિને કારણે મળતાં શેર્સ આપમેળે (ઓટોમેટિક) શેર્સનાં ડીમેટ એકાઉન્ટમાં જમા થઈ જાય છે.
- એક જ એકાઉન્ટમાં ઈક્વિટી અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં મૂડીરોકાણ ધારણ કરી શકાય

**યાદ રાખવાના મુદ્દા**

- પાર્ટિસિપન્ટની રેન્જ નાના વ્યક્તિગત રોકાણકારોથી લઈને મોટા ફંડ વેપારીઓ સુધીની હોય છે, જે કયાંય પણ સ્થિત હોઈ શકે છે.
- કંપનીઓ માટે,  નાણાં ઊભા કરવાના સૌથી મહત્ત્વના સ્રોતોમાંનો એક
- કંપનીઓના શેર્સનું જાહેર ટ્રેડિંગ થઈ શકે અથવા જાહેર બજારમાં કંપનીની માલિકીના શેર્સ વેચીને અતિરિકત મૂડી એકત્ર થઈ શકે એની સવલત સ્ટોક એક્સચેન્જ પૂરી પાડે છે.
- શેર બજારને અવારનવાર દેશની આર્થિક તાકાત અને વિકાસનો મુખ્ય નિર્દેશક (ઈન્ડિકેટર) ગણવામાં આવે છે.
- બેન્ક ડિપોઝિટ અથવા બોન્ડ્સથી વિપરિત શેરોનાં ભાવમાં મોટી વધઘટ થાય છે.
- ઈક્વિટી શેર્સમાં રોકાણ કરવાનાં કારણોની પણ સમયાંતરે સમીક્ષા કરવી જ જોઈએ , જેથી કરીને તે હજી સુધી યોગ્ય છે તેની ખાતરી થાય.
- કેટલીક વાર બજાર આર્થિક અથવા નાણાકીય સમાચાર પ્રતિ અતાર્કિક રીતે પ્રતિક્રિયા આપે છે એમ લાગે છે, ભલે ને પછી, આ સમાચારની સિક્યુરિટીઝના મૂલ્ય પર કોઈ વાસ્તવિક અસર થવાની શક્યતા નહિવત્ હોય.
- ટૂંકા ગાળામાં, બજારને ઝડપથી બદલનારી ઘટનાઓ દ્વારા સ્ટોક અને બીજી સિક્યુરિટીઝના ભાવ ઘટી અથવા વધી શકે છે; શેર બજારની વર્તણૂક માટે કોઈ પણ આગાહી કરવાનું મુશ્કેલ બનાવે છે.

## મૂડીરોકાણની ફિલસૂફીઓ

- દરેક મૂડીરોકાણનાં જોખમનું મૂલ્યાંકન કરો
- પરિવારની ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની જરૂરિયાતો અંગે સ્પષ્ટ રહો
- જરૂરિયાતોના આધારે મૂડીરોકાણનો નિર્ણય લો
- તમે સમજી ન શકો એવી યોજનામાં મૂડીરોકાણ ન કરો
- કોઈના વિશ્વાસે મૂડીરોકાણ ન કરો. દરેક બાબતના દસ્તાવેજી પુરાવા જુઓ
- દરેક આવક પર કરવેરાની અસર ધ્યાનમાં લો
- બજાર અંગેની ટિપ્સ અથવા અફવાઓનું આંધળું અનુસરણ ન કરો
- કોઈ પણ વસ્તુ જે અકુદરતી રીતે ઊંચી અથવા નીચી ભાસે, તેમાં કોઈ ભેદ (રહસ્ય) હોય છે
- એવી યોજનાઓને ન અનુસરો, જ્યાં કદાચ વ્યાજ સલામત રહે, પણ મુદ્દલ ગુમાવવી પડે.
- નાણાકીય વિકલ્પોને સારી રીતે સમજ્યા બાદ જરૂરી જ્ઞાન સાથે મૂડીરોકાણ કરો

# ૭. રક્ષણ સંબંધિત પ્રોડક્ટસ

## વિમા પોલિસીઓ

વિમો એ ભાવિ નુકસાન સામેનું રક્ષાકવચ છે. જોકે, જીવન વિમો સૌથી સામાન્ય છે, છતાં બીજી યોજનાઓ પણ છે, જે નિયમિત આવક ઉત્પન્ન કરે છે અને બીજાં પ્રકારનાં નુકસાનોને આવરી લે છે.

### જીવન વિમો

જીવન વિમો એટલે કોઈક ઘટના બને તો જેનો વિમો ઉતરાવ્યો હોય તે વ્યક્તિ અથવા, તેના બાદ નાણાં મેળવવાની હકદાર વ્યક્તિને

કેટલીક રકમની ચુકવણી કરવાનો એક કરાર. જો તમારું મૃત્યુ થાય તો તમારાં પરિવારને પડેલી આવકની ખોટ પૂરી કરવાં માટે ભંડોળ ઉપલબ્ધ કરાવી આર્થિક સુરક્ષા પૂરી પાડવાની આ સારી પદ્ધતિ છે.

મુદતી જીવન વિમો

- ભારતમાં પ્રખ્યાત થઈ રહ્યો છે
- વીમાકવચ ધરાવતી વ્યક્તિનું મૃત્યુ થાય તો નિયુક્ત લાભપ્રાપ્તકર્તા (બેનિફિશિયરી)ને સામટી રકમ (ઉચ્ચક સમ) ચૂકવાય છે
- પોલિસીઓ સામાન્યપણે ૫, ૧૫, ૨૦ કે ૩૦ વર્ષ માટે હોય છે
- બીજી વીમા પોલિસીઓની સરખામણીએ પ્રીમિયમ ઓછું
- તેનું કોઈ રોકડ મૂલ્ય નથી

### મુદતી પોલિસીઓ

- પ્રીમિયમની સામયિક ચુકવણીની સુવિધા પૂરી પાડે છે અને વિમાકવચ ધરાવતી વ્યક્તિનું મૃત્યુ થાય અથવા પોલિસી પાકવાની તારીખે, બેમાંથી જે પહેલાં બને તે, ત્યારે એકસામટી રકમ મળે છે.

### એન્યુઇટી/પેન્શન પોલિસીઓ/ફંડ્સ

- જીવન વિમાનું કવચ નહીં, પરંતુ જીવનભર અથવા કેટલાક નિશ્ચિત સમાયગાળા સુધી માત્ર આવકની બાંયધરી
- નિવૃત્તિ બાદ આવક મેળવવા આ પોલિસી લેવામાં આવે છે
- પ્રીમિયમ એકસામટું ભરી શકાય અથવા કેટલાંક વર્ષ માટે હપ્તાઓ દ્વારા ચૂકવી શકાય
- નિર્દિષ્ટ તારીખથી ઈન્સ્યુર્ડ (વીમાકવચ ધરાવતી વ્યક્તિ)ને ચોક્સ રકમ સમયાંતરે પાછી મળે છે ( મહિને, છ મહિને અથવા વાર્ષિક ધોરણે)
- જો વિમો ઉતરાવેલ વ્યક્તિ મૃત્યુ પામે તો , તે બાકીનો લાભ નોમિનીને પણ ઓફર કરે છે

### યુનિટ્સ લિન્કડ ઈન્સ્યુરન્સ પોલિસી (યુએલઆઈપી - યુલિપ)

- યુલિપ એ એક એવી જીવન વિમા પોલિસી છે, જે જોખમ સામે સુરક્ષા અને મૂડીરોકાણ બંનેની તક પૂરી પાડે છે
- મૂડી બજારની ચંચળતા(વધઘટ)ની યુલિપની કામગીરી પર સીધી અસર થાય છે
- મૂડીરોકાણનું જોખમ સામાન્ય પણે મૂડીરોકાણ દ્વારા સહન કરવામાં આવે છે
- મોટાભાગના ઈન્સ્યુરરો વ્યક્તિનાં મૂડીરોકાણના હેતુઓ, જોખમનાં પ્રોફાઈલ અને સમયની ક્ષિતિજને અનુકૂળ આવે એવાં વિવિધ ફંડ ઓફર કરે છે. જુદા જુદા ફંડના જોખમ પ્રોફાઈલ (સંભવિત જોખમ) પણ ભિન્ન હોય છે. ફંડમાંથી વળતર માટેની સંભાવના પણ જે તે ફંડ પ્રમાણે જુદી જુદી હોય છે.
- વિવિધ ઈન્સ્યુરર દ્વારા ઓફર કરાતી યુલિપના ચાર્જ(ફી)ના માળખામાં પણ ભિન્નતા હોય છે.
- વિસ્તૃતપણે જુદી જુદી ફી અને ચાર્જીસમાં પ્રીમિયમ ફાળવણી ચાર્જ, મોર્ટાલિટી ચાર્જીસ, ફંડ મેનેજમેન્ટ ફીઝ, પોલિસી/એડમિનિસ્ટ્રેશન ચાર્જીસ અને ફંડ સ્વિચિંગ (એક ફંડમાંથી બીજા ફંડમાં જવું) ચાર્જીસનો સમાવેશ થાય છે.

### નવી પેન્શન યોજના, ૨૦૦૯ (એનપીએસ)

- સ્પષ્ટ વ્યાખ્યા ધરાવતી યોગદાન યોજના, જે ૧૮થી ૫૫ વર્ષની વચ્ચેના કોઈ પણ ભારતીય નાગરિક માટે ખુલ્લી (ઉપલબ્ધ) છે

- વ્યક્તિ પેન્શન યોજનામાં કેટલીક રકમ તે નિવૃત્ત થાય ત્યાં સુધી રોકે છે
- નિવૃત્તિ સમયે, વ્યક્તિને એકઠાં થયેલાં નાણાં ઉપાડવાની અથવા નિયમિત આવક મેળવવા વીમા કંપની પાસેથી તાત્કાલિક એન્યુઈટી ફોર્મ ખરીદવાની અથવા આ બંને બાબતની છૂટ આપે છે. તાત્કાલિક એન્યુઈટી ખરીદવા માટે ઓછામાં ઓછા ૪૦ ટકા રકમ વાપરવાની જરૂર પડે છે. એકઠા થયેલાં નાણાંમાંથી વધુમાં વધુ ૬૦ ટકા રકમ ઉપાડી શકાય છે.
- તાત્કાલિક એન્યુઈટી ખરીદવાથી વીમા કંપની પાસેથી નિયમિત ચુકવણીની (નિયમિત રકમ મળવાની) ધરપત થાય છે.
- આ ચુકવણી મહિને, ચાર મહિને, છ મહિને અથવા વર્ષમાં એક વાર હોઈ શકે.
- યોગદાન (કોન્ટ્રિબ્યુશન)દીઠ ઓછામાં ઓછા ₹૫૦૦નું મૂડીરોકાણ કરવાની જરૂર પડે છે. દર વર્ષે ઓછામાં ઓછા ચાર કોન્ટ્રિબ્યુશન કરવાં પડે છે. આના સિવાય, દર વર્ષે ઓછામાં ઓછા ₹ ૬,૦૦૦નું મૂડીરોકાણ કરવું પડે છે.
- મૂડીરોકાણ કરવાં માટેનાં નાણાની રકમ તેમ જ કોન્ટ્રિબ્યુશનની સંખ્યા એમ બે ઉપલી મર્યાદા હોય છે.
- એનપીએસમાં તમે રોકેલાં નાણાંનું સંચાલન પ્રોફેશનલ મેનેજરો દ્વારા કરવામાં આવે છે.
- જો તમે તમારાં ફંડ મેનેજરની કામગીરીથી સંતુષ્ટ ન થયા હો તો તમે ફંડ મેનેજર બદલી શકો છો.
- આ એવું ખાતું છે જેમાંથી તમે કોઈ ઉપાડ ન કરી શકો અને તમે ૬૦ વર્ષના થાઓ ત્યાં સુધી આ ખાતામાં મૂડીરોકાણ ભેગું થાય છે. જો મૃત્યુ થાય, ગંભીર બીમારી આવે અથવા તો તમે તમારું પ્રથમ ઘર ખરીદતા હો કે બાંધતા હો તો જ ઉપાડની છૂટ મળે છે.
- ઈન્કમ ટેક્સ એકટના સેકશન ૮૦ સીસીડી હેઠળ, એનપીએસમાં ₹ ૧ લાખ સુધીના મૂડીરોકાણ માટે કર કપાતનો દાવો કરી શકાય છે. યાદ રાખો કે સેક્શન ૮૦ હેઠળ ઉપલબ્ધ ₹ ૧ લાખની મર્યાદા, ઉપરાંતની આ '૧લાખની મર્યાદા નથી.
- પીપીએફમાં ભલે મળે, પણ અહીં વળતરની કોઈ બાંયધરી નથી. તમે કેટલા પૈસા બનાવો છો તેનો આધાર તમે પસંદ કરેલા ફંડ મેનેજરની કામગીરી પર રહેલો છે.

## આરોગ્ય વીમો

આરોગ્ય વીમા પોલીસીઓ તમને કેટલીક બિમારી સામે રક્ષણ પૂરું પાડે છે અને કયારેક તમને સારવારની જરૂર પડે તો નાણાકીય રીતે તમે સલામત રહો તેની બાંયધરી આપે છે. તેઓ તમારી માનસિક શાંતિ અકબંધ રાખે છે, સારવારના ખર્ચ અંગેની તમારી તમામ ચિંતાઓ નાબૂદ કરે છે, અને વધુ મહત્ત્વની બાબતો પર તમારી શક્તિ કેન્દ્રિત કરવાની રાહત આપે છે.
ભારતમાં કેટલાક આરોગ્ય વિમા અથવા મેડિકલ વિમા યોજનાઓ ઉપલબ્ધ છે. તેમનાં દ્વારા ઓફર કરાતાં કવરેજને આધારે તેમનું વિભાજન નીચે મુજબના વર્ગમાં થઈ શકે:

**કોમ્પ્રિહેન્સિવ હેલ્થ ઈન્સ્યુરન્સ કવરેજ:** આ યોજનાઓ તમને હોસ્પિટલાઈઝેશન કવર (કવચ) મારફત સંપૂર્ણ આરોગ્ય કવરેજ પૂરું પાડે છે અને સાથે સાથે બીજી કોઈ આરોગ્યજતન ખર્ચાઓને તમે પહોંચી વળો એટલા માટે આરોગ્ય ભંડોળનું સર્જન પણ કરે છે.

**હોસ્પિટલાઈઝેશન પ્લાન:** આ આરોગ્ય વિમા યોજના જો તમને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે તો તેનો ખર્ચ પણ આવરી લે છે. આ કેટેગરીમાં, વિવિધ પ્રકારના ખર્ચાઓ માટે પ્રોડક્ટ કદાચ જુદા જુદા પેઆઉટ માળખાં અને મર્યાદાઓ ધરાવી શકે. હોસ્પિટલાઈઝેશન કવરેજ કદાચ રિઈમ્બર્સમેન્ટ (પહેલાં ખર્ચ તમે ભોગવો અને પછી વીમા કંપની પાસેથી એ રકમ મળે) આધારિત યોજના અથવા નિર્ધારિત લાભ યોજનાઓ હોઈ શકે. આ યોજનાનો હેતુ અવારનવાર થતા તબીબી ખર્ચાઓને આવરી લેવાનો છે.

**ક્રિટિકલ ઈલનેસ પ્લાન (ગંભીર બીમારી સંબંધિત યોજના):** આ આરોગ્ય વિમા યોજનાઓ તમને હાર્ટ એટેક, અંગ પ્રત્યારોપણ, સ્ટ્રોક અને કિડની ફેઈલર જેવી ગંભીર બીમારી સામે કવરેજ પૂરું પાડે છે. આ યોજનાનો હેતુ કયારેક જ આવતા અને મોટા તબીબી ખર્ચને આવરી લેવાનો છે.

**સ્પેસિફિક કન્ડિશન્સ કવરેજ :** ડાયાબિટીઝ અથવા કેન્સરને કારણ થતી કેટલીક જટિલતાઓ સામે આરોગ્ય વિમો ઓફર કરવા વિશેષપણે તૈયાર કરાયેલી આ યોજનાઓ છે. તેઓ ડિસીઝ મેનેજમેન્ટ પ્રોગ્રામ જેવા કેટલાક વિશિષ્ટ લક્ષણો પણ ધરાવી શકે છે, જે નિર્દિષ્ટ શરતોને આધીન હોય છે.

# ૮. ઋણ (દેવાં) સંબંધિત નાણાકીય માધ્યમો

આજે જ્યારે જીવનનિર્વાહ ખર્ચ એટલો વધી ગયો છે ત્યારે ઋણ એ સામાન્ય બાબત બની ગઈ છે. સંખ્યાબંધ લોકો વ્યક્તિગત લોન (ધિરાણ), કાર લોન, મોર્ગેજ લોન (સંપત્તિ ગીરવે મૂકીને ધિરાણ લેવું તે) અને બીજી ઘણાં બધા પ્રકારની લોન માટે અરજી કરે છે. એમ લાગે છે કે દરેક બાબત માટે લોન ઉપલબ્ધ છે. ઘણી વાર ઘણાં મોટાં દેવાં (ઋણ) ને કારણે આર્થિક સમસ્યાઓ શરૂ થાય છે.

## ઉપલબ્ધ વિવિધ પ્રકારની લોન (ઉપલબ્ધ વિવિધ પ્રકારના ધિરાણો)

### પર્સનલ લોન (વ્યક્તિગત ધિરાણ)

વ્યક્તિ જ્યારે તાત્કાલિક આર્થિક ખર્ચ ઉઠાવી શકે એમ ન હોય ત્યારે અથવા તેના ગજા બહાર હોય તેવી અનપેક્ષિત જરૂરિયાત પૂરી કરવા સામાન્યતઃ વ્યક્તિગત (પર્સનલ) લોન લેવામાં આવે છે. માત્ર વધારાનાં નાણાં માટે અથવા અનાવશ્યક ચીજો ખરીદવા અંગત લોન લઈ લોકો ઘણીવાર આર્થિક મુશ્કેલીમાં સપડાય છે અને પછી તેમને જાણ થાય છે કે તેઓ દર મહિને જરૂરી ચુકવણી કરી શકે તેમ નથી.

#### મુખ્ય લક્ષણો

- વાર્ષિક ૧૪.૧૮ ટકાના ઊંચા વ્યાજ દર, ઊંચી ફી અને મોટાં માસિક હપ્તાઓ માટે તૈયાર રહો.
- અરજી પ્રક્રિયા ઘણો સમય લઈ લે, મંજૂરી માટે અઠવાડિયાંઓ લાગી જાય, નાણાં મેળવતાં પણ ઘણો સમય લાગે, અનપેક્ષિત તાત્કાલિક જરૂરિયાત માટે આવી લોન એકદમ અવ્યવહારુ છે.
- પર્સનલ લોનના દર અને શરતો બદલાતી રહે, કાળજીપૂર્વક સરખામણી કરો એ ડહાપણભર્યું છે. તાકીદના ભંડોળ માટે ગ્રાહક જરૂરી હોય તેના કરતાં વધુ ન ચૂકવે એની તકેદારી રહે છે.
- તમારી રીતે સમય લો અને પર્સનલ લોન લેતાં પહેલાં સારી રીતે અભ્યાસ કરો.
- તાકીદની જરૂરિયાત સિવાય આવી લોન લેવાનું સલાહભર્યું નથી.

## હાઉસિંગ લોન (ઘર ધિરાણ)

હોમ લોન એક એવી બીજી લોન છે જે તમારાં ઘરને જામીન રાખી આપવામાં આવે છે. જો તમે તમારું પ્રથમ ઘર ખરીદી રહ્યા છો તો હોમ લોન્સના લાભ-ગેરલાભ સમજવાનું જરૂરી છે. અર્થતંત્ર તથા બજાર સાથે સંકળાયેલાં એવાં ઘણાં પરિબળ છે, જે તમારી હોમ લોન પર અસર કરે છે.

#### મુખ્ય લક્ષણો

- મિલકતના મૂલ્યના ૭૫.૮૦ ટકા નાણાં બેંક આપે છે.
- ટૂંકા સમયગાળા માટે બેંકોએ તાજેતરમાં નીચા નિશ્ચિત ‘ટીઝર’ દર ઓફર કરવાનું શરૂ કર્યું છે. થોડા સમય બાદ વ્યાજ દરમાં ઉછાળો આવે છે અને ચલ બને છે (બદલાતા રહે છે).
- ઝીણા અક્ષરમાં છાપેલી વિગત ધ્યાનથી વાંચો.
- મોટા ભાગની હાઉસિંગ લોનનો ઓછામાં ઓછો લોક-ઈન પિરિયડ ૩ વર્ષ અથવા વધુ હોય છે.
- પૂર્વ ચુકવણી માટે ભારે દંડ
- છૂપા ખર્ચ (ફીઝ)માં મુલવણી ફી અને લોન સાથે સંકળાયેલાં બીજા ચાર્જીસ
- જો તમારે ઘર વેચવું હોય તો લોન તાત્કાલિક ભરપાઈ કરવી પડે છે.

## રીવર્સ મોર્ગેજ (ઘર-સંપત્તિ ગીરવે મુક્ત ધિરાણ લેવું)

નિયમિત મોર્ગેજ જે પ્રક્રિયા કરતાં એકદમ વિરૂધ છે એટલે રીવર્સ મોર્ગેજ. ગીરવે મૂકેલી સંપત્તિ માટે વ્યક્તિ બેંકને ચૂકવે છે. આ ખ્યાલ પશ્ચિમી રાષ્ટ્રોમાં ખાસ કરીને પ્રચલિત છે.

#### મુખ્ય લક્ષણો

- વરિષ્ઠ નાગરિક જે ઘર (મિલકત) ધરાવતો હોય, પરંતુ જેની પાસે નિયમિત આવકનો સ્રોત ન હોય તે બેંક અથવા

હાઉસિંગ ફાઈનાન્સ કંપની પાસે તેની મિલકત ગીરવે મૂકી શકે છે. બેંક/હાઉસિંગ ફાઈનાન્સ કંપની વ્યક્તિને નિયમિત ચુકવણી કરે છે.

- સારી બાબત એ છે કે પોતાની મિલકત 'રીવર્સ મોર્ગેજ' કરે છે તે વ્યક્તિ આજીવન ઘરમાં રહી શકે છે અને બહુ જરૂરી નિયમિત આવક મેળવતી રહે છે. આવી અસરકારક અને મિલકત તેના માલિકને કમાણી કરાવે છે.
- ઘરમાં રહેતી વ્યક્તિનું મૃત્યુ થાય તો અને લોન રીકવર કરવા બેંકને મિલકત વેચવાનો અધિકાર છે. જો કોઈ રકમ વધે તો તે કાનૂની વારસદારને આપવામાં આવે છે.

**આરબીઆઈ દ્વારા ભારતમાં રીવર્સ મોર્ગેજ માટે તૈયાર કરાયેલી માર્ગદર્શિકાનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છેઃ**

- ૬૦ વર્ષની ઉપરના કોઈ પણ ઘર માલિક પાત્રતા ધરાવે છે.
- રહેણાક મિલકત કિંમતના ૬૦ ટકા સુધીની મહત્તમ લોન મળે છે.
- મહત્તમ ગાળો ૧૫ વર્ષ છે.
- ઉછીના લેનાર વ્યક્તિ તેની મરજી મુજબ કોઈ પણ સમયે માસિક, ત્રિમાસિક, વાર્ષિક કે એકસામટી ચુકવણી માટેનો વિકલ્પ પસંદ કરી શકે.
- બેંક અથવા હાઉસિંગ ફાઈનાન્સ કંપની દ્વારા દર પાંચ વર્ષે એક વાર મિલકતનું પુનઃમૂલ્યાંકન હાથ ધરવામાં આવે છે.
- રીવર્સ મોર્ગેજ દ્વારા મળતી રકમ લોન તરીકે ગણવામાં આવે છે, નહીં કે આવક તરીકે.
- રીવર્સ મોર્ગેજના દર નિશ્ચિત અથવા ફ્લોટિંગ (બદલાતા) હોઈ શકે અને તેથી બજારની સ્થિતિ મુજબ બદલાતા હોય છે. બજારની સ્થિતિ લોન લેનાર વ્યક્તિ દ્વારા પસંદ કરાયેલાં વ્યાજ દર માળખાનાં આધારે બદલાતી હોય છે.

## સિક્યુરિટીઝ સામે લોન (ધિરાણ)

અંગત જરૂરિયાતની સંભાળ લેવા સિવાય મૂડીરોકાણ જાળવી રાખવું એ શેર્સ સામે લોન લેવાનો મુખ્ય હેતુ છે. લોકો તેમની ઓચિંતી (આકસ્મિક ખર્ચની) જરૂરિયાતોને પહોંચી વળવા અને ખરેખર શેર્સ વેચ્યા વિના પ્રવાહિતા મેળવવા આ પ્રકારની લોન લે છે. તમને થોડા મહિનાની અંદર ચોક્કસ રકમ મળવાની અપેક્ષા હોય અને આ વચગાળામાં કેટલાંક નાણાંની જરૂર હોય ત્યારે જ સિક્યુરિટીઝ સામે લોન લેવાનું સલાહભર્યું છે.

**મુખ્ય લક્ષણો**

- આરબીઆઈ ડીમેટ શેર્સના મૂલ્યના ૭૫ ટકા સુધી અને ફિઝિકલ શેર્સના મૂલ્યના ૫૦ ટકા સુધીનું ધિરાણ આપવાની બેંકને છૂટ આપે છે. જોકે બેંકો તેમની જાતે ધિરાણ આપવાની પોતાની મર્યાદા નક્કી કરી શકે છે.
- જે સિક્યુરિટીઝ સામે બેંકો લોન આપે છે તે સિક્યુરિટીઝની માન્યતા પ્રાપ્ત યાદી તેમની પાસે હોય છે. આ યાદી બધી બેંકોની સમાન નથી હોતી. વખતોવખત આ યાદીમાં સુધારો કરવામાં આવે છે.
- મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ સામેની લોન આ યુનિટ્સની એનએવી આધારિત હોય છે.
- સિક્યુરિટીના મૂલ્યાંકન, લાગુ પડતું માર્જિન, લોનનું વ્યાજ ભરવાની અને પુનઃચુકવણી કરવાની તમારી ક્ષમતા તથા અન્ય શરતોના આધારે લોનની રકમ તમને મળશે.
- વ્યાજ દર સામાન્યતઃ ૧૪થી ૧૮ ટકાની વચ્ચે હોય છે.
- ચાર્જીસ બેંકે બેંકે બદલાય છે અને સાધારણ રીતે પ્રોસેસિંગ ફી (૧-૧૫ ટકા) અને દસ્તાવેજીકરણ શુલ્કનો સમાવેશ થાય છે.
- માત્ર પૂર્ણ ભરપાઈ થયેલા શેર સ્વીકારવામાં આવે છે.
- કોર્પોરેટ, સગીર વ્યક્તિ, પેઢી, એચયુએફ અને એનઆરઆઈના નામે શેર્સ હોય તો તેની સામે આ સ્કીમ હેઠળ ધિરાણ કરાતું નથી.

## ક્રેડિટ કાર્ડ ડેટ

પર્સનલ લોન સહિતના બીજા તમામ વિકલ્પ વપરાઈ જાય ત્યારે ક્રેડિટ કાર્ડ દેવાંનો આશ્રય લેવાય છે. ક્રેડિટ કાર્ડ ઋણ અનસિક્યોર્ડ (અસલામત) હોય છે. એટલે તેનો વ્યાજ દર પણ ઘણો ઊંચો હોય છે. તમારી પાસે નાણાં ન હોય ત્યારે પણ નાણાં ખરીદવાની શક્તિ ક્રેડિટ કાર્ડ તમને આપે છે. ઘણાં યુવા લોકો બિનજરૂરી ચીજો પર ખર્ચ કરી આનો દુરુપયોગ કરે છે.

ક્રેડિટ કાર્ડ દેવાંથી દૂર રહો. ઘણા યુવાઓને ક્રેડિટ ઋણને લીધે સમસ્યાઓ નડે છે. માત્ર ઓછામાં ઓછી ચુકવણી મોંઘી છે અને તમે લાંબા ગાળા સુધી દેવા હેઠળ રહો છો. તમારાં ઋણ માટે શક્ય હોય એટલા સાતત્યથી ચુકવણી કરો. તમે આમ કરી શકવાથી ખુશ રહેશો.

**મુખ્ય લક્ષણો**

- બીજી ક્રેડિટ સુવિધાઓની સરખામણીએ ક્રેડિટ કાર્ડના વ્યાજ દર સંભવતઃ સૌથી વધુ હોય છે. વ્યાજનો દર વાર્ષિક ૧૮થી ૩૬ ટકાની વચ્ચે હોય છે.
- વ્યાજ અને દંડ મારફત દેવું વધતું રહે છે. વ્યાજ મુક્ત સમયગાળો પૂર્ણ થાય તે પહેલાં તમે તમારી બાકી રહેલી નાણાંની ચુકવણી ન કરો તો તમારે ઊંચો વ્યાજ દર ચૂકવવો પડે છે. આનાથી તમારું ક્રેડિટ કાર્ડ ઋણ ઘટવાનું મુશ્કેલ બની શકે છે.
- મોટા ભાગનાં ક્રેડિટ કાર્ડની મર્યાદાઓ ઓછી (નીચી) હોવાથી કેટલાક ઋણ લેનારાઓ મહિનાથી મહિનાના ધોરણે વ્યાજની ચુકવણી સાપેક્ષ રીતે ઓછી હોય છે એ હકીકત પ્રત્યે બેદરકાર રહે છે. આ ભયંકર પ્રથા છે, કારણ કે વ્યાજની જે રકમ તમે ચૂકવો છો તે ઝડપથી એટલી વધી જાય છે કે તમારા મૂળ ઋણની રકમ કરતાં વ્યાજની રકમ વધી જાય છે.
- એકથી વધુ કાર્ડ ધરાવતા હો ત્યારે સાવધાન રહો અને ક્રેડિટ કાર્ડ પૂરા પાડનારાઓ દ્વારા કરાતાં માર્કેટિંગ પ્રમોશનથી પણ સાવચેત રહો. તેઓ સક્રિય પ્રયાસ કરી તમારાં ક્રેડિટ કાર્ડની મર્યાદા વધારવામાં સફળ થાય છે.

## વધુ પડતું ઋણ (દેવાં) ટાળવાના ઉપાયઃ

**ઋણની મર્યાદા નક્કી કરો.**

- તમને કેટલું ઋણ પરવડી શકે તે નક્કી કરો પછી ખાતરી કરી લો કે તમારું કુલ દેવું તમે નક્કી કરેલી મર્યાદાથી ઓછું હોય.
- તમારી આવકના એકમાંથી કેટલાં નાણાં તમે ઋણ પર ખર્ચવા તૈયાર છો એની મર્યાદા પણ તમે નિશ્ચિત કરી શકો. તમે તમારી ક્રેડિટ વધુ પડતી ન લંબાવો એની તકેદારી રાખવામાં આ મર્યાદા ઉપયોગી થઈ શકે.

**ઋણ (દેવાં) માટે કાળજીપૂર્વક તપાસ કરો.**

- જો તમારે લોનની જરૂર હોય તો પૂરતું સંશોધન કરો. હંમેશાં એ સમજી લો કે તમારી લોન માટેના વ્યાજ માટે તમે કેટલા ચૂકવશો અને સૌથી ઓછા વ્યાજ દરની તપાસ કરો અને તમને સૌથી વધુ પરવડી શકે એવા ઋણનો વિકલ્પ શોધો. આનાથી એક વાત નિશ્ચિત થશે કે તમે વ્યાજ દર પર વધુ પડતી રકમ નહીં ખર્ચો.
- વર્ષમાં એક વાર ચકાસો કે તમને હજી શ્રેષ્ઠ વ્યાજ દર મળી રહ્યો છે અને શક્ય લોન સોદો તમે કરી રહ્યા છો.

**લાલચને વશ ન થાવઃ**

- એક વાર તમે દર્શાવી દો કે કેટલુંક ઋણ તમે મેનેજ કરી શકો છો ત્યારે ઘણી બધી કંપનીઓ તમને વધુ ઋણ આપવા આતુર હોય છે. કંપનીઓ તમને ક્રેડિટ કાર્ડની ઓફર મોકલવાનું શરૂ કરી દેશે અને તમારા ધિરાણકર્તા તમને કદાચ વધારાનાં ક્રેડિટ પ્રોડક્ટ્સ ઓફર કરશે.
- ઘણું બધું નવું દેવું કરવાનું કદાચ લલચામણું હોય, પરંતુ તમારે આમ કરવામાં કાળજી રાખવી જોઈએ. તમને ખરેખર જરૂર હોય ત્યારે જ લોન અથવા ક્રેડિટ કાર્ડ લો.

**તમારાં બિલની રકમ ઓટોમેટિકલી ચૂકવાય તેવી વ્યવસ્થા.**

- ઘણી બેંકો અને એમ્પ્લોયર્સ એવી સુવિધા પૂરી પાડે છે, જેમાં કેટલાંક નાણાં આપમેળે તમારાં પેચેકમાંથી બાદ થઈ જાય છે.
- તમારાં બિલ યોગ્ય રીતે ચૂકવાઈ જાય તેનો આ ઉત્તમ માર્ગ હોઈ શકે. વધુમાં આ નાણાં તમારી આંખ સામે નહીં આવે એટલે તે ગુમાવ્યાનો (વપરાઈ ગયાનો) વસવસો નહીંવત્ રહેશે.

# ૯. નિવૃત્તિ માટેનું આયોજન

સક્રિયતામાંથી નિવૃત્તિમાં રૂપાંતર એ જીવનનું ખૂબ અદ્વિતીય અને નાટ્યાત્મક ચરણ છે. તેમ છતાં નિવૃત્તિમાં સંક્રમણ અંગે જોઈએ તેવું આયોજન નથી કરાતું કે નથી તેના વિશે ગંભીરતાપૂર્વક વિચારાતું. દરેક જણ આરામપ્રદ નિવૃત્તિકાળ વિતાવવા ઈચ્છે છે. યોગ્ય આયોજન વિના એ શક્ય નથી. લોકો અગાઉ કરતાં વધુ લાંબુ આયુષ્ય ભોગવે છે, જે દેખીતી રીતે સારા સમાચાર છે, પરંતુ એનો અર્થ એ થયો કે નિવૃત્તિકાળ વધુ ખર્ચાળ બની રહ્યો છે. તેથી અગોતરું આયોજન મહત્વનું છે અને નિવૃત્તિ વયે પહોંચે એ પહેલાં નાણાકીય રીતે સુસજ્જ થઈ જાવ.

નિવૃત્તિકાળ માટેનું આયોજન એટલે વૃદ્ધાવસ્થામાં અમુક બાંધી આવક મેળવવા માટે નાણાં કે અસ્ક્યામત બાજુએ મૂકો. નિવૃત્તિ વયે પહોંચતાં પહેલાં જ આ કામ થઈ જવું જોઈએ.

યાદ રહે, તમારો ધ્યેય એવા નિર્ણયો લેવાનો છે, જે તમારી પ્રર્વતમાન અંગત નાણાકીય સ્થિતિના આધારે તમને તમારાં ભાવિ નાણાકીય ધ્યેયો સિદ્ધ કરવામાં તમને મદદ કરવામાં સૌથી અસરકારક નીવડે.

**૧. વહેલી શરૂઆત કરો અને શાંતિથી નિવૃત્ત થાવ:** દા.ત. તમે નિવૃત્તિકાળ માટે ૨૫ વર્ષની ઉંમરે બચત કરવાનું શરૂ કરો છો, જેથી તમે ૬૦ વર્ષ સુધીમાં નિવૃત્ત થવાની ઈચ્છા રાખી શકો. તો તમારી પાસે ૩૫ વર્ષનો રોકાણ ગાળો રહે છે. જો ૨૫ વર્ષની વયે તમે ૬ ટકાના ચક્રવૃદ્ધિ વ્યાજના દરે મહિને ₹ ૧૦૦૦ બચાવવાનું શરૂ કરો તો ૬૦ વર્ષની વયે તમને ₹ ૧૩,૮૦,૨૯૦ મળશે. આના વિકલ્પરૂપે જો તમે ૩૫ વર્ષની વયે આ જ રોકાણ શરૂ કરશો તો ૬૦ વર્ષની વયે તમને માત્ર ₹ ૬,૭૯,૫૮૦ મળશે. ૧૦ વર્ષ પાછળથી બચત શરૂ કરવાને કારણે ૬૦ વર્ષની નિવૃતિ વયે થનારી બચતનો આંકડો અડધા કરતાં પણ ઓછો થવા જાય છે.

**૨. શાણપણ વાપરીને આયોજન કરો:** નિવૃત્તિ પછીના ખર્ચ અને તાકીદની જરૂરિયાતો માટે અમુક રકમ બાજુએ મૂકો. બાળકોના શિક્ષણ અને તેમનાં લગ્ન જેવી આવશ્યક જરૂરિયાતો માટે તમારાં સ્રોતો (નાણાં) ફાળવો. આ હેતુઓ માટે તમારે વખત જતાં મોટા ખર્ચા કરવા પડશે.

**૩. તમારાં આયોજન પર ચાંપતી નજર-કાળજી-રાખો અને તેની સમીક્ષા કરતા રહો:** તમે નક્કી કરેલો લક્ષ્યાંક તમારાં હેતુઓને સંતોષે છે કે નહીં તેની ખાતરી કરી લેવા માટે નિયમિત અંતરાલે તમારાં રોકાણોનાં જોખમો, ખર્ચાઓ અને પ્રવાહિતાને સમજો અને એ બાબતમાં નિરાંત રહે એ સુનિશ્ચિત કરો.

**૪. તમારાં નિવૃત્તિકાળ માટેની બચતોમાં ગાબડું પાડશો નહીં:** નિવૃત્તિ પહેલાં એ ખાસ ભંડોળને હાથ પણ અડાડશો નહીં. જો તમે તમારી પ્રર્વતમાન જરૂરિયાતોને પૂરી કરવા માટે તમારાં નિવૃત્તિ ભંડોળમાંથી નાણાં ખર્ચશો તો લાંબા ગાળે તમે મોટી રકમ ગુમાવશો.

**એવી પાંચ રીત જણાવો, જેમાં ૩૦ વર્ષ પહેલાં નિવૃતિકાળ માટેનું આયોજન કરવામાં આવતું હતું.**

૧.
૨.
૩.
૪.
૫.

**એવી કઈ પાંચ ચીજો છે, જે તમારે તમારાં નિવૃત્તિકાળના આયોજન માટે કરવી જરૂરી છે.**

૧.
૨.
૩.
૪.
૫.

**તમારું નિવૃત્તિકાળ માટેનું ભંડોળ ઊભું કરવાં માટે તમારે કેટલું રોકાણ કરવું જોઈએ.**

ધારો કે રામ ૩૦ વર્ષની ઉંમરે તેના માસિક ₹ ૧૦,૦૦૦ના ખર્ચ સાથે ૬૦ વર્ષની વયે નિવૃત્ત થવા માગે છે. (અપેક્ષિત આયુષ્ય ૭૫ વર્ષ છે) તેને નિવૃત્તિકાળમાં હાલના ખર્ચના ૮૦ ટકાની જરૂર પડશે એમ ધારી લઈએ તો તેને તેની નિવૃત્તિ માટે કેટલું ભંડોળ જોઈશે અને આ નિવૃત્તિ ભંડોળ ઊભું કરવા માટે તેણે દર મહિને કેટલી રકમ બચાવવી જોઈએ.

ભંડોળની રકમ અને માસિક રોકાણની રકમ જાણવા માટે પહેલાં તો આપણે તેની નિવૃત્તિની વયે દર મહિને તે કેટલો ખર્ચ કરતો હશે એ શોધી કાઢવું જરૂરી છે, કારણ કે ફુગાવાને લીધે તેના પ્રવર્તમાન ખર્ચાઓ નાણાંના મૂલ્યની દૃષ્ટિ એ વધવાનાં જ છે.

**પગલું ૧**:- નિવૃત્તિના સમયે પાંચ ટકાના ફુગાવા સાથે તેના ખર્ચનું મૂલ્ય.

(ખર્ચે ₹ માં)

| નિવૃત્ત થવા માટેનાં બાકી વર્ષો | ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | ૩૦ |
|---|---|---|---|---|---|---|
| નિવૃત્તિના સમયે દર મહિને થનારા તમારાં ખર્ચની રકમ | (૧૨,૭૬૨.૮૨) | (૧૬,૨૮૮.૯૫) | (૨૦,૭૮૯.૨૮) | (૨૬,૫૩૨.૯૮) | (૩૩,૮૬૩.૫૫) | (૪૩,૨૧૯.૪૨) |
| નિવૃત્તિના સમયે દર મહિને થનારા તમારાં ખર્ચની રકમ (જરૂરિયાતના ૮૦ ટકા) | (૧૦,૨૧૦.૨૫) | (૧૩,૦૩૧.૧૬) | (૧૬,૬૩૧.૪૩) | (૨૧,૨૨૬.૩૮) | (૨૭,૦૯૦.૮૪) | (૩૪,૫૭૫.૫૪) |

**નોંધઃ ફુગાવાને કારણે ૩૦ વર્ષ પછી વર્તમાન ખર્ચમાં વૃદ્ધિ**

**નિવૃત્તિ સમયે ખર્ચ શા માટે ઓછો છે ? (ઉપરના ઉદાહરણમાં ૮૦ ટકા)**

૧.

૨.

૩.

જવાબ: રામ હવેથી ૩૦ વર્ષ બાદ નિવૃત્ત થવાનો છે તેથી તેના માસિક ખર્ચાઓ ₹ ૪૩,૨૧૯ હશે અને ૮૦ ટકા સાથે એ ₹ ૩૪,૫૭૫ હશે.

**ચરણ ૨**: તેની માસિક ખર્ચની જરૂરિયાત માટે રોકડનો સતત પ્રવાહ મળતો રહે એ માટે તેને નિવૃતિ સમયે કેટલું ભંડોળ જોઈશે.

**ધારણાઃ** ભંડોળ પર અથવા રોકાણ પર વળતર ૭ ટકા છે.

| નિવૃત્તિ પછીના વર્ષો | ₹ ૧૦,૨૧૦.૨૫નો ખર્ચ | ₹ ૧૩,૦૩૧.૧૬નો ખર્ચ | ₹ ૧૬,૬૩૧.૪૩નો ખર્ચ | ₹ ૨૧,૨૨૬.૩૮નો ખર્ચ | ₹૨૭,૦૯૦.૮૪નો ખર્ચ | ₹૩૪,૫૭૫.૫૪નો ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૫૮૫,૧૩૦.૯૫ | ૭૪૬,૭૯૧.૮૪ | ૯૫૩,૧૧૬.૬૬ | ૧,૨૧૬,૪૪૫.૨૨ | ૧,૫૫૨,૫૨૬.૬૧ | ૧,૯૮૧,૪૬૧.૦૮ |
| ૧૦ | ૧,૧૧૭,૭૦૭.૬૪ | ૧,૪૨૬,૫૦૯.૬૫ | ૧,૮૨૦,૬૨૭.૯૬ | ૨,૩૨૩,૬૩૩.૯૦ | ૨,૯૬૫,૬૧૧.૧૦ | ૩,૭૮૪,૯૫૪.૭૭ |
| ૧૫ | ૧,૬૦૨,૪૫૦.૨૮ | ૨,૦૪૫,૧૭૭.૭૫ | ૨,૬૧૦,૨૨૨.૬૬ | ૩,૩૩૧,૩૭૯.૦૫ | ૪,૨૫૧,૭૭૭.૬૬ | ૫,૪૨૬,૪૬૫.૪૩ |
| ૨૦ | ૨,૦૪૫,૧૭૭.૭૫ | ૨,૬૧૦,૨૨૨.૬૬ | ૩,૩૩૧,૩૭૯.૦૫ | ૪,૨૫૧,૭૭૭.૬૬ | ૫,૪૨૬,૪૬૫.૪૩ | ૬,૯૨૦,૫૪૧.૭૭ |
| ૨૦ | ૨,૦૪૩,૬૫૫.૧૭ | ૨,૬૦૮,૨૭૯.૪૧ | ૩,૩૨૮,૮૯૮.૯૨ | ૪,૨૪૮,૬૧૨.૩૧ | ૫,૪૨૨,૪૨૫.૫૬ | ૬,૯૨૦,૫૪૧.૭૭ |
| ૨૫ | ૨,૪૪૫,૨૩૨.૬૮ | ૩,૧૨૦,૮૦૫.૩૯ | ૩,૯૮૩,૦૨૬.૩૮ | ૫,૦૮૩,૪૬૩.૧૩ | ૬,૪૮૭,૯૩૦.૨૭ | ૮,૨૮૦,૪૨૫.૭૮ |
| ૩૦ | ૨,૮૧૦,૭૪૨.૦૨ | ૩,૫૮૭,૨૯૮.૨૧ | ૪,૫૭૮,૪૦૨.૫૭ | ૫,૮૪૩,૩૩૦.૭૮ | ૭,૪૫૭,૭૩૫.૩૪ | ૯,૫૧૮,૧૭૦.૧૧ |

રામ ૬૦ વર્ષની વયે નિવૃત્ત થશે અને તેનું અપેક્ષિત આયુષ્ય છે ૭૫ વર્ષ, જેને કારણે તેણે ૧૫ વર્ષ માટે ખર્ચાઓની જોગવાઈ કરવી પડશે (૭૫ વર્ષ-૬૦ વર્ષ).

**ચરણ ૩:** રામે તેનું નિવૃત્તિ ભંડોળ ઊભું કરવા માટે SIP ખોલાવવાની જરૂર છે, જેમાં તે દર મહિને અમુક રકમ રોકશે, જે ૩૦ વર્ષમાં વર્ષે ૧૦ ટકાના દરે વૃદ્ધિ પામશે. તો રામે આ ભંડોળ માટે દર મહિને કેટલાનું રોકાણ કરવું જોઈએ.

**ગણતરીઃ**

ગણતરી માટે આપણે ₹ ૧૦ લાખ માટેનું ભંડોળ શોધીશું અને તે પ્રાપ્ત થયા બાદ તેને જરૂરિયાતની રકમ સાથે ગુણાકાર કરીશું:

| વ્યાજ/વર્ષની સંખ્યા | ₹ ૧૦ લાખનું ભંડોળ એકત્ર કરવા જરૂરી માસિક રોકાણ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | ૩૦ |
| ૬ ટકા | (૧૪,૩૨૧.૭૨) | (૬,૧૨૫.૦૪) | (૩,૪૬૮.૫૧) | (૨,૧૯૪.૬૯) | (૧,૪૭૧.૫૦) | (૧,૦૨૧.૧૮) |
| ૮ ટકા | (૧૩,૬૨૧.૩૮) | (૫,૫૧૬.૨૩) | (૨,૯૪૩.૦૯) | (૧,૭૪૬.૨૪) | (૧,૦૯૩.૦૯) | (૭૦૫.૪૧) |
| ૧૦ ટકા | (૧૨,૯૫૮.૧૧) | (૪,૯૬૩.૮૨) | (૨,૪૮૯.૯૧) | (૧,૩૮૧.૨૪) | (૮૦૪.૪૦) | (૪૮૦.૯૩) |
| ૧૨ ટકા | (૧૨,૩૨૯.૯૧) | (૪,૪૬૩.૫૭) | (૨,૧૦૧.૧૪) | (૧,૦૮૭.૧૩) | (૫૮૭.૪૭) | (૩૨૪.૫૭) |
| ૧૫ ટકા | (૧૧,૪૪૯.૨૪) | (૩,૮૦૨.૦૨) | (૧,૬૨૨.૪૧) | (૭૫૩.૫૪) | (૩૬૨.૭૭) | (૧૭૭.૫૬) |

ઉક્ત ટેબલ ઉપરથી આપણે નક્કી કરી શકીએ છીએ કે તેણે ₹ ૧૦ લાખના માસિક ₹ ૪૮૦નું રોકાણ કરવું જોઈએ. તેથી ₹ ૫૪ લાખ માટે તેણે દર મહિને ₹ ૨૫૯૨નું રોકાણ કરવાનું રહેશે. (૫૪/૧૦) x ૪૮૦ = ₹ ૨,૫૯૨

**સ્વાધ્યાય :**

તમને જરૂર પડવાની છે એ નિવૃત્તિ ભંડોળની અને એ ભંડોળ ઊભું કરવા માટે જરૂરી માસિક રોકાણની નીચે આપેલા કોઠાના આધારે ગણતરી કરો.

૧. તમારાં માસિક ખર્ચાઓ (        )
(ગણતરીના હેતુસર માસિક ખર્ચાઓ ₹ ૧૦,૦૦૦ ધારી લેવામાં આવ્યા છે. એ તમારાં ખર્ચાઓ ₹ ૨૦,૦૦૦ હોય તો પછી ભંડોળને ૨ વડે ગુણો.)

૨. ૫ ટકાના ફુગાવાના દરે નિવૃત્તિ સમયે તમારી માસિક ખર્ચની જરૂરિયાત ____________________

| નિવૃત્ત થવા માટેનાં બાકી વર્ષો | ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | ૩૦ |
|---|---|---|---|---|---|---|
| નિવૃત્તિના સમયે દર મહિને થનારા તમારાં ખર્ચની રકમ | (૧૨,૭૬૨.૮૨) | (૧૬,૨૮૮.૯૫) | (૨૦,૭૮૯.૨૮) | (૨૬,૫૩૨.૯૮) | (૩૩,૮૬૩.૫૫) | (૪૩,૨૧૯.૪૨) |
| નિવૃત્તિના સમયે દર મહિને થનારા તમારાં ખર્ચની રકમ (જરૂરિયાતના ૮૦ ટકા) | (૧૦,૨૧૦.૨૫) | (૧૩,૦૩૧.૧૬) | (૧૬,૬૩૧.૪૩) | (૨૧,૨૨૬.૩૮) | (૨૭,૦૯૦.૮૪) | (૩૪,૫૭૫.૫૪) |

૧. નિયમિત નાણાં પ્રવાહ મેળવવા જરૂરી નિવૃત્તિ ભંડોળ. ___________

| નિવૃત્તિ પછીના વર્ષો | ₹ ૧૦૨૧૦.૨૫નો ખર્ચ | ₹ ૧૩૦૩૧.૧૬નો ખર્ચ | ₹ ૧૬૬૩૧.૪૩નો ખર્ચ | ₹ ૨૧૨૨૬.૩૮નો ખર્ચ | ₹ ૨૭૦૯૦.૮૪નો ખર્ચ | ₹ ૩૪૫૭૫.૫૪નો ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૫૮૫,૧૩૦.૯૫ | ૭૪૬,૭૯૧.૮૪ | ૯૫૩,૧૧૬.૬૬ | ૧,૨૧૬,૪૪૫.૨૨ | ૧,૫૫૨,૫૨૬.૬૧ | ૧,૯૮૧,૪૬૧.૦૮ |
| ૧૦ | ૧,૧૧૭,૭૦૭.૬૪ | ૧,૪૨૬,૫૦૯.૬૫ | ૧,૮૨૦,૬૨૭.૯૬ | ૨,૩૨૩,૬૩૩.૯૦ | ૨,૯૬૫,૬૧૧.૧૦ | ૩,૭૮૪,૯૫૪.૭૭ |
| ૧૫ | ૧,૬૦૨,૪૫૦.૨૮ | ૨,૦૪૫,૧૭૭.૭૫ | ૨,૬૧૦,૨૨૨.૬૬ | ૩,૩૩૧,૩૭૯.૦૫ | ૪,૨૫૧,૭૭૭.૬૬ | ૫,૪૨૬,૪૬૫.૪૩ |
| ૨૦ | ૨,૦૪૩,૬૫૫.૧૭ | ૨,૬૦૮,૨૭૯.૪૧ | ૩,૩૨૮,૮૯૮.૯૨ | ૪,૨૪૮,૬૧૨.૩૧ | ૫,૪૨૨,૪૨૫.૫૬ | ૬,૯૨૦,૫૪૧.૭૭ |
| ૨૫ | ૨,૪૪૫,૨૩૨.૬૮ | ૩,૧૨૦,૮૦૫.૩૯ | ૩,૯૮૩,૦૨૬.૩૮ | ૫,૦૮૩,૪૬૩.૧૩ | ૬,૪૮૭,૯૩૦.૨૭ | ૮,૨૮૦,૪૨૫.૭૮ |
| ૩૦ | ૨,૮૧૦,૭૪૨.૦૨ | ૩,૫૮૭,૨૯૮.૨૧ | ૪,૫૭૮,૪૦૨.૫૭ | ૫,૮૪૩,૩૩૦.૭૮ | ૭,૪૫૭,૭૩૫.૩૪ | ૯,૫૧૮,૧૭૦.૧૧ |

૪. તમારું ભંડોળ એકત્ર કરવાં જરૂરી માસિક રોકાણ ___________

**ધારણાઃ** તમારાં જોખમની માત્રા પ્રમાણે તમે વ્યાજ દર લઈ શકો છો.

ગણતરીના હેતુસર ₹ ૧૦ લાખનું ભંડોળ ઊભું કરવા માટે તમારે નિયમિત બચત કરવાની છે. જો તમારી જરૂરિયાત ₹ ૨૦ લાખની છે તો માસિક રોકાણની રકમને ૨ વડે ગુણો.

| વ્યાજ/વર્ષની સંખ્યા | ₹ ૧૦ લાખનું ભંડોળ એકત્ર કરવા જરૂરી માસિક રોકાણ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | ૩૦ |
| ૬ % | (૧૪,૩૨૧.૭૨) | (૬,૧૨૫.૦૪) | (૩,૪૬૮.૫૧) | (૨,૧૯૪.૬૯) | (૧,૪૭૧.૫૦) | (૧,૦૨૧.૧૮) |
| ૮% | (૧૩,૬૨૧.૩૮) | (૫,૫૧૬.૨૩) | (૨,૯૪૩.૦૯) | (૧,૭૪૬.૨૪) | (૧,૦૯૩.૦૯) | (૭૦૫.૪૧) |
| ૧૦% | (૧૨,૯૫૮.૧૧) | (૪,૯૬૩.૮૨) | (૨,૪૮૯.૯૧) | (૧,૩૮૧.૨૪) | (૮૦૪.૪૦) | (૪૮૦.૯૩) |
| ૧૨% | (૧૨,૩૨૯.૯૧) | (૪,૪૬૩.૫૭) | (૨,૧૦૧.૧૪) | (૧,૦૮૭.૧૩) | (૫૮૭.૪૭) | (૩૨૪.૫૭) |
| ૧૫% | (૧૧,૪૪૯.૨૪) | (૩,૮૦૨.૦૨) | (૧,૬૨૨.૪૧) | (૭૫૩.૫૪) | (૩૬૨.૭૭) | (૧૭૭.૫૬) |

# ૧૦. ઉદ્યોગ સાહિસક બનવા માટે નાણાંનું આયોજન

ઉદ્યોગ સાહિસક બનીને એક ધંધો શરૂ કરવા માટે તૈયારી ખૂબ મહત્વની છે. સમગ્ર પ્રારંભિક સમયગાળા દરમિયાન ધંધાની શરૂઆત સાથે સંકળાયેલાં તમારાં તમામ બિલો અને ખર્ચાઓ ચૂકવવાની તમારામાં ક્ષમતા છે એ સુનિશ્ચિત કરવાં માટે નાણાકીય પાસાઓની વિચારણા ખાસ મહત્વની છે.

### કેટલાંક આવશ્યક પગલાંઓમાં નીચેનાનો સમાવેશ થાય છે

૧. અંગત રીતે અને તમારાં નવા ધંધાકીય સાહસ માટે તમારી નાણાકીય જરૂરિયાતોની આકારણી કરો. કામકાજના પહેલા ત્રણથી પાંચ વર્ષ માટેની આવક અને ખર્ચાઓની વાસ્તવવાદી ધારણાઓ સાથે બિઝનેસ પ્લાન (ધંધાવિષયક યોજના) તૈયાર કરો.
૨. ઉદ્યોગ સાહસિક બનવા પહેલાં તમારી નિયમિત નોકરીમાં કર્મચારી તરીકે કામ કરતી વખતે નાણાં બચાવો. તમારાં દરેક વેતનમાંથી એક નાનકડી રકમ એક એવા ખાતામાં બાજુએ મૂકો, જેને તમારે તમારો ધંધો શરૂ કરતાં પહેલાં હાથ નથી અડાડવાનો.
૩. રોકાણકારો તરીકે તમારાં મિત્રો અને સગાસંબંધીઓનો સંપર્ક સાધો. જરૂર પડે તો વ્યાજ સાથે નાણાં પરત કરવાનું ઔપચારિક (કરાર) પણ કરો અને તમારાં મિત્રો તથા પરિવારજનો સમક્ષ તમારી ધંધાવિષયક દરખાસ્ત રજૂ કરો.
૪. નોકરીમાં હો ત્યારે જ સાથે, ફ્રીલાન્સ કામ શરૂ કરો. ક્લાયન્ટનો પીછો નહીં કરવાની અથવા હિતનું ઘર્ષણ ગણાય એવું કામ નહીં કરવાની સાવધાની વર્તો. સંપર્કો બનાવવાનું અને એવા પ્રોજેક્ટો પર કામ કરવાનું શરૂ કરો, જે તમે એક વખત પૂરા સમયના ઉદ્યોગ સાહસિક બની ગયા પછી તમને તમારો અનુભવ દર્શાવવા તમને સમર્થ બનાવશે.
૫. જાહેર ક્ષેત્રીય બેન્કો પાસેથી લોન લેવા અરજી કરો, જે ઉદ્યોગ સાહસિકોને નાણાકીય સહાય પૂરી પાડનારો મુખ્ય સ્રોત છે. તેઓ લોન, એડવાન્સ, ડિસ્કાઉન્ટિંગ બિલ્સ, પ્રોજેક્ટ ફાઈનાન્સિંગ, ટર્મ લોન્સ, એક્સપોર્ટ ફાઈનાન્સ વગેરે સ્વરૂપે ઋણ આપે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે ઋણ સુવિધાઓ, ટેક્નોલોજી સહાય સેવા અને માર્કેટિંગ સહાય પૂરી પાડવા માટે સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (SIDO) અને નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. (NSIC) જેવી યોજનાઓ અમલમાં મૂકી છે.

### કેટલીક અત્યંત ઉપયોગી સલાહો અને ચેતવણીઓ

૧. તમારાં ઉદ્યોગ સાહસનાં પહેલાં બે વર્ષ સુધી તમારાં બિલ્સ નિયમિત ભરી શકો એ માટે તમારી પાસે કાં બચતો સ્વરૂપે અથવા લોન મારફતે મેળવેલાં પૂરતાં નાણાં હોય એ જરૂરી છે. ખાસ કરીને તમારાં નાણાં સમયસર ચૂકવી દે એવા અસીલો (ક્લાયન્ટ્સ) તમે નહીં મેળવી શક્યા હો ત્યારે આ અત્યંત આવશ્યક બની જાય છે.
૨. મિત્રો અને કુટુંબીજનો પાસેથી ઉછીનાં નાણાં લેતી વખતે લોન કે રોકાણની શરતો સ્પષ્ટ કરી દેજો અને બધુ લેખિતમાં રાખજો.

# ૧૧. પોન્ઝી સ્કીમ્સ (છેતરામણી યોજનાઓ) વિષેની સમજ

પોન્ઝી સ્કીમ એવી છેતરામણી રોકાણ કામગીરી છે, જે રોકાણકારોને ઓછા જોખમે ઊંચા વળતરનું વચન આપે છે. આવી સ્કીમ્સ પોતે કોઈ વાસ્તવિક નફો રળવાને બદલે જૂના રોકાણકારોને તેમના પોતાના નાણાંમાંથી અથવા પાછળથી જોડાયેલા રોકાણકારોએ ભરેલાં નાણાંમાંથી વળતર આપે છે. પોન્ઝી સ્કીમ જેનો પ્રચાર કરે છે અને હકીકતમાં ચૂકવે છે એ વળતર ટકાવી રાખવા માટે રોકાણકારો પાસેથી નાણાંનો સતત વધુને વધુ પ્રવાહ આવતો રહે એ જરૂરી છે. આવું થાય તો જ સ્કીમ ચાલુ રહે છે.

સમગ્ર યંત્રણા અંતે તો તૂટી જ પડે છે, કારણ કે કમાણી (જો કોઈ થતી હોય તો) રોકાણકારોને ચૂકવવામાં આવતી રકમ કરતાં ઓછી જ રહે છે. સામાન્ય રીતે આવી સ્કીમ તૂટી પડે એ પહેલાં કાનૂની સત્તાવાળાઓ તેને અવરોધે છે, કારણ કે પોન્ઝી સ્કીમ અચૂક શંકાના ઘેરામાં આવી જતી હોય છે અથવા તેનો પ્રમોટર અનરજિસ્ટર્ડ સિક્યુરિટીઝ વેચતો હોય છે. વધુને વધુ રોકાણકારો આવી સ્કીમ સાથે સંકળાતા હોવાથી સ્કીમ સત્તાવાળાઓની નજરે ચઢવાની સંભાવના વધી જાય છે.

### આવી યોજનાને કેવી રીતે ઓળખી કાઢવી ?

પોન્ઝી સ્કીમ સામાન્યપણે બીજા કોઈ રોકાણો જેની બાંયધરી નહીં આપી શકે એવાં ઊંચાં વળતરો ઓફર કરીને નવા રોકાણકારોને લલચાવે છે. તેઓ દ્વારા ઓફર કરાતા ટૂંકા ગાળાના વળતર કાં અસામાન્યપણે ઊંચાં હોય છે અથવા અસાધારણપણે સાતત્યપૂર્ણ હોય છે. બીજા શબ્દોમાં આ સ્કીમ્સ માનવામાં ન આવે એટલી હદે સારી હોય છે.

### પોન્ઝી સ્કીમની નિયતિ

- જેમ જેમ વધુ રોકાણકારો આ સ્કીમ સાથે સંકળાતા નથી. આ સ્કીમ સત્તાવાળાઓની નજરમાં આવી જવાની શક્યતા વધી જાય છે.
- પ્રમોટર બાકીનાં રોકાણનાં નાણાં લઈને અદૃશ્ય થઈ જશે.
- રોકાણ મંદ પડવાથી અને પ્રમોટરને વચન મુજબનાં વળતરો ચૂકવવામાં મુશ્કેલી પડવાની શરૂઆત થતાં આવી સ્કીમ તેના પોતાના વજન તળે તૂટી પડે છે.
- અર્થતંત્રમાં તીવ્ર ઘટાડા જેવાં બાહ્ય પરિબળોને કારણે ઘણાં રોકાણકારો એ રોકાણમાંનો પોતાનો વિશ્વાસ ઊઠી જવાને લીધે નહીં પણ અદૃશ્ય માર્કેટ ફંડામેન્ટલ્સ (બજારના મૂળભૂત પરિબળો)ને કારણે જ તેમનાં નાણાં અંશતપણે

# ૧૨. કર બચાવનારા વિકલ્પો

### કલમ ૮૦ સી હેઠળ ડિડક્શન (મજરે મળવું, કરપાત્ર આવકમાંથી બાદ મળવું)

વ્યક્તિગત કરદાતાઓમાં આ સૌથી લોકપ્રિય કર બચાવનારી યોજના છે. જો કોઈ કરપાત્ર બ્રેકેટમાં આવક ધરાવતું હોય તો તે તેની કરપાત્ર આવક ₹ ૧ લાખ જેટલી ઘટાડવા માટે આ કલમ વાપરી શકે છે. જો તમે લાઈફ ઈન્સ્યોરન્સ (જીવન વીમા), પ્રોવિડન્ટ ફંડ, મ્યુચ્યુઅલ ફંડની ઈએલએસએસ સ્કીમ્સમાં નાણાં રોકો તો આ ડિડક્શનનો લાભ મેળવી શકો છો. પાંચ વર્ષની સ્પેશિયલ બેન્ક ડિપોઝિટ્સ, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ, હાઉસિંગ લોનના મુદ્દલ ભાગ પર પણ આ લાભ લઈ શકાય છે. ટૅક્સ ડિડક્શનની મહત્તમ મર્યાદા ₹ ૧,૦૦,૦૦૦ છે.

### કલમ ૮૦ ડી હેઠળ ડિડક્શન

આ કલમ હેઠળ તમારા પોતાનો, જીવનસાથીનો, તમારાં પર આશ્રિત માતાપિતાનો અને બાળકોના આરોગ્ય અને તબીબી વિમો વર્ષે ₹ ૧૫,૦૦ સુધી ડિડક્શનને પાત્ર છે. વરિષ્ઠ નાગરિકો માટે આ મર્યાદા ₹ ૨૦,૦૦૦ છે.

### કલમ ૮૦ જી હેઠળ ડિડક્શન

નેશનલ ચિલ્ડ્રન ફાઉન્ડેશન, યુનિવર્સિટી અથવા રાષ્ટ્રિય મહત્ત્વની શૈક્ષણિક સંસ્થા, વડાપ્રધાનનું રાહત ભંડોળ, સખાવતી સંસ્થાઓ વગેરેને આપવામાં આવતી દાનની રકમ કરપાત્ર આવકમાંથી બાદ મળવાને પાત્ર છે. દાનની રકમના ૫૦ ટકા માટેનું આવકવેરાનું ડિડક્શન બીજાં દાનો માટે પણ લાયક ઠરે છે.

**કલમ ૨૪** પૂરેપૂરાં પાછાં ખેંચી લેશે.

આ કલમ હેઠળ હાઉસિંગ લોન પર ચૂકવાતું વ્યાજ ડિડક્શનને પાત્ર ઠરે છે. વ્યાજ એક્રુઅલ બેસિસ પર (એટલે કે વર્ષ દરમિયાન ભલે ખરેખર ચૂકવ્યું ન હોય તો પણ જેટલું ભરવાનું થયું હોય) ડિડક્શનને પાત્ર છે. વ્યાજ ઉછીની લીધેલી મૂડી પર ચૂકવવાનું રહે છે અને નહીં કે નોશનલ કેપિટલ પર. નાણાં મિલકતની ખરીદી, મિલકતનું બાંધકામ અથવા મિલકતના સમારકામ માટે ઉછીનાં લેવાયેલાં હોવાં જોઈશે. બીજી વર્તમાન લોનની પુનઃ ચુકવણી કરવા માટે લેવાયેલી નવી લોન પરનું વ્યાજ પણ ડિડક્શનને પાત્ર ઠરે છે.

મેળવી શકાતા આવા ડિડક્શનની મહત્તમ રકમ ₹ ૧.૫ લાખ છે. મિલકતની ખરીદી અથવા બાંધકામ માટે તા. ૧ એપ્રિલ, ૧૯૯૯ના રોજ કે ત્યાર પછી નાણાં ઉછીનાં લેવાયેલાં હોવાં જોઈશે. આવી ખરીદી કે બાંધકામ જે વર્ષે મૂડી ઉછીની લીધી હતી એ નાણાકીય વર્ષના અંતથી ત્રણ વર્ષની અંદર પૂરું થઈ ગયું હોવું જોઈશે.

# ૧૩. નાણાકીય વિકલ્પો (ફાઈનાન્સિયલ પ્રોડક્ટસ)ની ખરીદી

### ફાઈનાન્સિયલ પ્રોડક્ટ્સ ક્યાંથી ખરીદવાં ? (વિક્રેતાઓ, મધ્યસ્થીઓ ઈન્ટરમીડિયરીઝ અને દલાલો)

- મધ્યસ્થીઓ (ઈન્ટરમીડિયરીઝ) / વિતરકો - આઈપીઓમાં દલાલો મારફત સબ્સક્રિપ્શન (અરજી કરવી) કરી શકાય છે અને એ માટે દલાલો તથા વિતરકો પાસેથી ફોર્મ્સ મેળવી શકાય છે.
- દલાલો - દલાલો ઈક્વિટીની ખરીદી/વેચાણ, દેવા (ડેટ) અને ડેરિવેટિવ પ્રોડક્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડના યુનિટ્સ, આઈપીઓ સબ્સક્રિપ્શન વગેરે જેવી વિવિધ સેવાઓ ઓફર કરે છે.
- ઈન્ટરનેટ - મ્યુચ્યુઅલ ફંડના ધંધામાં હોય એવાં મ્યુચ્યુઅલ ફંડો અને બેન્કો મ્યુચ્યુઅલ ફંડ્ઝ અને એક્સચેન્જ ટ્રેડેડ (એક્સચેન્જમાં જેમના સોદા થાય છે એવાં) ફંડ્ઝની ઓનલાઈન ખરીદી શક્ય બનાવે છે.
- સ્ટોક એક્સચેન્જોઃ ક્લોઝ્ડ-એન્ડેડ મ્યુચ્યુઅલ ફંડોનું ટ્રેડિંગ સ્ટોક એક્સચેન્જોમાં થાય છે અને દલાલો મારફત તેમની ખરીદી કરી શકાય છે.
- મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓઃ ઓપન-એન્ડેડ ફંડ્ઝ મ્યુચ્યુઅલ ફંડ કંપની પાસેથી તેની એનએવી ચાલતી હોય એ દરે ખરીદી શકાય છે.

### દલાલને કેવી રીતે પસંદ કરવો ?

- દલાલ સેબીમાં નોંધાયેલો હોવો જોઈએ
- સ્ટોક એક્સચેન્જોએ હવે દલાલો સામે લેવાયેલાં પગલાં લેવાના બાકી કેસોની વિગતો તથા એ માટેનાં કારણો જાહેર કર્યાં છે. દલાલ સામે લેવાયેલાં પગલાં અને તેમની સામેના અનિર્ણિત કેસની વિગતો પણ આપવામાં આવી છે. રોકાણકાર દલાલ પર પસંદગીનો કળશ ઢોળતાં પહેલાં આ યાદીનો અભ્યાસ કરી શકે છે.

### સિક્યોરિટીઝ માર્કેટના રોકાણકાર બનવા માટેનાં ચરણોઃ

- પહેલો માપદંડ PAN કાર્ડ મેળવવું એ છે. તમામ રોકાણકારો માટે એ ફરજિયાત છે.
- બીજું ચરણ બેન્ક ખાતું અને ડિમેટ ખાતું ખોલાવવાનું એ છે. ડિમેટ એકાઉન્ટ સામાન્યપણે બેન્ક એકાઉન્ટ સાથે જ જોડાયેલું હોય છે, જેથી ફંડ્ઝ અને સિક્યોરિટીઝની ખરીદી માટેની ચુકવણી કરી શકાય અને વેચાણ કર્યું હોય તો મળનારી રકમ જમા કરી શકાય.
- આ બન્ને ખાતાંઓ ખોલાવ્યા પછીનું ચરણ છે દલાલની પસંદગી કરવાનું અને કેવાયસી ફોર્મ ભરવાનું તથા બ્રોકર-ક્લાયન્ટ એગ્રીમેન્ટ કરવાનું.
- ત્યાર બાદ દલાલ એક યુનિક ક્લાયન્ટ આઈડી ફાળવે છે, જે ઓળખ તરીકે કામ કરે છે. જોકે તમામ બજારો અને એક્સચેન્જોમા PAN નંબર એક વ્યક્તિગત રોકાણકારની ઓળખ તરીકે કામ કરે છે.

હવે તમે સ્ટોક માર્કેટમાં રોકાણ શરૂ કરવા માટે તૈયાર છો.

# ૧૪. નાણાકીય શિક્ષણના ફાયદા

નાણાકીય શિક્ષણ માટે ભારપૂર્વકની જરૂરિયાત બે ક્ષેત્રમાંથી આવે છે.

પ્રથમ તો વ્યક્તિગત નાણાકીય બાબતોની કથળતી સ્થિતિ. આજના યુવાનો તેમના ગજા બહારનું (આવક કરતાં વધુ નાણાં ખર્ચવાનું) જીવન ધોરણ અપનાવે છે, ક્રેડિટ કાર્ડનું ઋણ લે છે અને જોખમી મૂડીરોકાણ કરે છે.

બીજું છે નવા અને ઘણી વાર જટિલ, નાણાકીય પ્રોડક્ટ્સનું પ્રસારણ, જે ગ્રાહકો પાસે વધુ નાણાકીય નિપુણતા માગી લે છે. બજારની તોફાની સ્થિતિ અને બદલાતાં કરવેરાના કાયદાઓએ સુદૃઢ નાણાકીય શિક્ષણની જરૂરિયાત વધારી છે.

સરકારી સેવકો પણ નિવૃત્તિ અંગેના સુસ્પષ્ટ ફાયદાઓ સાથેની યોજનાઓ તરફથી નિર્ધારિત ફાળવણીની યોજનાઓ ભણી ગતિ કરી રહ્યા છે. તેથી નિવૃત્તિ આયોજન ખૂબ મહત્ત્વનું બની જાય છે.

**નાણાકીય શિક્ષણના કેટલાક ફાયદા:-**

- સલામત નાણાકીય ભવિષ્યના નિર્માણમાં મદદરૂપ. નાણાકીય શિક્ષણનો અભાવ વ્યક્તિની અથવા પરિવારની લાંબા ગાળાના લક્ષ્ય માટે બચત કરવાની ક્ષમતાને અસર કરી શકે છે અને તીવ્ર નાણાકીય કટોકટીનો તેઓ શિકાર બની શકે છે.
- નાણાકીય કટોકટી માટે સજ્જ કરે છે. તમારા નાણાકીય પ્લાનમાં અણધારી આફત માટે જોગવાઈ કરી તમે ભાવિ કપરા સંજોગોનો સામનો કરવા સજ્જ રહો છે.
- નાણાકીય શિક્ષણ ધરાવતા લોકો તેમને ન સમજાય એવાં નાણાકીય પ્રોડક્ટ ખરીદતા નથી અને આમ, વેચાણના ગતકડાંઓનો ભોગ બનતા નથી.
- નિપુણતાની લાગણી અનુભવે છે. લોકોને તેમના લક્ષ્યની વધુ નજીક લાવવા માટે નાણાકીય શિક્ષણ અસરકારક છે.
- નાણાં પ્રત્યે શિસ્તબદ્ધ અભિગમ સાથે લોકોને વધુ જવાબદાર બનાવે છે. લોકોને વધુ પડતો ખર્ચ કરતાં રોકે છે અને બચત તથા મૂડીરોકાણની આદત કેળવવામાં મદદ કરે છે.
- બેન્ક અને બીજા ઋણદાતાઓ (લેન્ડર્સ) દ્વારા તેમના પ્રોડક્ટ વેચવા માટે અપનાવાતી વાંધાજનક પ્રથાઓ વિશે તમને વધુ માહિતગાર બનાવે છે.
- તમારાં પરિવાર માટે તમે સારો દાખલો બેસાડી રહ્યા હોવાનો અનુભવ થાય છે.
- નાણાંના સંચાલનની નિપુણતાઓ તમારાં જીવનનાં બીજા પાસાંઓ માટે પણ લાભદાયક બને છે.

# ૧૫. રોકાણકાર રક્ષણ અને ફરિયાદ નિવારણ તંત્ર

## મૂડીરોકાણકારનું રક્ષણ

- સિક્યુરિટીઝ બજારમાં મુડીરોકાણકારોના હિતના રક્ષણના મુખ્ય હેતુ સાથે સિક્યુરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની સ્થાપના થયેલ છે.
- સેબી મૂડીરોકાણકારનાં હિતમાં અથવા સિક્યુરિટીઝ બજારના ક્રમબદ્ધ વિકાસ માટે તમામ ઈન્ટરમીડિયરીઝ (મધ્યસ્થકારો) અને સિક્યુરિટીઝ બજાર સાથે સંકળાયેલી અન્ય વ્યક્તિઓને આદેશ જારી કરી શકે છે.
- સેબીએ મૂડીરોકાણકારનાં રક્ષણ માટે તેની પ્રવૃત્તિઓ સંગીન બનાવવાના દૃષ્ટિકોણ સાથે સેબી (ઈન્વેસ્ટર પ્રોટેકશન અને એજ્યુકેશન ફંડ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની જાહેરાત કરી છે. ફંડનો ઉપયોગ નીચે જણાવેલાં હેતુઓ માટે થઈ શકે:
  - મૂડીરોકાણકારને લક્ષ્યમાં રાખી સેમિનાર, પ્રશિક્ષણ, સંશોધન અને પ્રકાશનો સહિતની શૈક્ષણિક પ્રવૃત્તિઓ
  - મૂડીરોકાણકારને ધ્યાનમાં રાખી મીડિયા - પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક દ્વારા જાગૃતિ કાર્યક્રમો
  - સેબી દ્વારા માન્યતાપ્રાપ્ત મૂડીરોકાણની સંસ્થાઓની રોકાણકારના શિક્ષણ અને જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ માટે નાણાંની જોગવાઈ કરવા
  - બોર્ડ દ્વારા માન્યતાપ્રાપ્ત મૂડીરોકાણકાર મંડળોને લિસ્ટેડ અથવા લિસ્ટિંગ માટે પ્રસ્તાવિત સિક્યોરિટીઝમાં રોકાણકારોના હિતમાં કાનૂની કાર્યવાહી હાથ ધરવા નાણાકીય સહાય આપવી
- એક્સચેન્જોએ ડિફોલ્ટર મેમ્બરો વિરુદ્ધ રોકાણકારોના દાવાઓને પહોંચી વળવા રોકાણકાર સુરક્ષા ભંડોળ (આઈપીએફ)ની સ્થાપના કરી છે
- એક્સચેન્જો મેમ્બરો અને રોકાણકાર વચ્ચે તથા મેમ્બરો વચ્ચેના લવાદની પ્રક્રિયામાં પણ સહાય કરે છે.

## મૂડીરોકાણ ફરિયાદ નિવારણ યંત્રણા

- સેબી અને સ્ટોક એક્સચેન્જોએ રોકાણકારોની સિક્યુરિટીઝ બજાર સંબંધિત ફરિયાદોના ઝડપી નિવારણ માટે રોકાણકાર ફરિયાદ નિવારણ સેલ (કેન્દ્ર)ની સ્થાપના કરી છે.
- રોકાણકારોની ફરિયાદો નોંધવા માટે ફરિયાદ નિવારણ વિભાગના ખાસ ઈ-મેઈલ આઈડી/અનુપાલન અધિકારી (કોમ્પ્લાયન્સ ઓફિસર)ની જોગવાઈ કરવાનો સેબીએ તમામ સ્ટોક એક્સચેન્જો, રજિસ્ટર્ડ બ્રોકરો, સબ-બ્રોકરો, ડિપોઝિટરીઝ અને લિસ્ટેડ કંપનીઓને આદેશ આપ્યો છે.
- સિક્યુરિટીઝ બજારમાંથી ઉદ્‌ભવતી રોકાણકારોની ફરિયાદના નિવારણ માટે સેબીએ યંત્રણાની સ્થાપના કરી છે.
- સેબી મુંબઈ ખાતેના મુખ્ય કાર્યાલય તથા નવી દિલ્હી, ચેન્નઈ, કોલકત્તા અને અમદાવાદ ખાતેના પ્રાદેશિક કાર્યાલયોમાં કામકાજના તમામ દિવસોએ વોક-ઈન સેવા પૂરી પાડે છે. રોકાણકાર અધિકારીઓને મળી શકે છે અને ઈશ્યુઅર સામે તેમની કોઈ ફરિયાદ હોય તે સંદર્ભમાં માર્ગદર્શન મેળવી શકે છે. મૂડીરોકાણકારો કામકાજના અમુક નિર્ધારિત દિવસોએ સેબીના ઉચ્ચ અધિકારીઓને પણ મળી શકે છે.
- રોકાણકારો investorcompliaints@sebi.gov.in ખાતે સેબી પાસે તેમની ફરિયાદ નોંધાવી શકે છે.
- કોઈ પણ સહાય માટે મૂડીરોકાણકારો asksebi@sebi.gov.in ખાતે સેબીનો સંપર્ક સાધી શકે છે.

# Notes

# Notes

# Notes

भारतीय प्रतिभूति और विनिमय बोर्ड
Securities and Exchange Board of India

ભાવિ નાણાકીય શિક્ષણ કાર્યક્રમોના નીચે જણાવેલા કોઈ પણ મોડ્યુલ માટે;
૧. સ્કૂલ ચિલ્ડ્રન (નિશાળના બાળકો)
૨. કોલેજ સ્ટુડન્ટ્સ (કોલેજના વિદ્યાર્થીઓ)
૩. મિડલ ઈન્કમ ગ્રુપ્સ (મધ્યમ આવકવાળાઓનો વર્ગ)
૪. એક્ઝિક્યુટિવ્ઝ (વહિવટદારો)
૫. રિટાયરમેન્ટ પ્લાનિંગ (નિવૃત્તથનારા માટેનું આયોજન)
૬. હોમ મેકર્સ (ઘરના મોભીઓ ગૃહિણીઓ)
૭. સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ (જાતે રોજગાર કરનારાઓનો વર્ગ)

અથવા

સિક્યુરિટીઝ માર્કેટસ અંગેના નીચે જણાવેલા વિષયો નામે;
૧. ઓફર ડોક્યુમેન્ટ કેમ વાંચવો
૨. શેરબજાર મારફત પ્રાઈમરી બજારમાં કઈ રીતે રોકાણ કરવું
૩. સિક્યુરિટીઝનું કામકાજકેમ કરવું/ રોકાણકારોને માર્ગદર્શન
૪. ડી-મેટ ખાતું અને ડિપોઝિટરીઓ
૫. મ્યુચ્યુઅલ ફંડો - આ કરો, આ ન કરો
૬. સામૂહિક રોકાણ યોજનાઓ - આ કરો, આ ન કરો
૭. શેરોનું બાય-બેક (પુનઃ ખરીદી), સિક્યુરિટીઝનું ડિલિસ્ટિંગ
૮. ટેકઓવરનાં નિયમનો
૯. રોકાણકાર ફરિયાદોનું નિવારણ કેમ કરવું

માટે કૃપયા સેબીને લખોઃ feprogram@sebi.gov.in

અથવા

**ડેપ્યુટી જનરલ મેનેજર**
ઈન્વેસ્ટર અવેરનેસ ડિવિઝન
**સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા સેબી ભવન**
પ્લોટ નં - સી૪-એ, જી-બ્લોક
બાન્દ્રા કુર્લા કોમ્પલેક્સ, બાન્દ્રા (પૂર્વ)
મુંબઈ ૪૦૦૦૫૧
ટેલિઃ +૯૧ ૦૨૨ ૨૬૪૪૯૧૧૧

* રોકાણકારો તેમની ફરિયાદ સેબીમાં https://scores.gov.in પર નોંધાવી શકે છે.
* રોકાણકારો કોઈ પણ મદદ માટે asksebi@sebi.gov.in પર સંપર્ક કરી શકો છો.





ભારતમાં સેબી ઓફિસના સંપર્કોની વિગતો

હેડ ઓફિસ

સેબી ભવન

પ્લોટ નં. સી૪-એ, ‘જી બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧

ટેલિફોનઃ +૯૧-૨૨-૨૬૪૪૯૦૦૦ / ૪૦૪૫૯૦૦૦ ૯૧૧૪

ફેક્સઃ +૯૧-૨૨-૨૬૪૪૯૦૧૬-૨૦ / ૪૦૪૫૯૦૧૬-૨૦

ઈ-મેઈલઃ sebi@sebi.gov.in / ટેલિફોનઃ +૧૮૦૦ ૨૨ ૭૫૭૫

(મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ગોવા, દીવ, દમણ અને દાદરા અને નગર હવેલી)

**સેબી ટોલફ્રી નંબર ૧૮૦૦ ૨૨ ૭૫૭૫ અને ૧૮૦૦ ૨૬૬ ૭૫૭૫**

| | |
|---|---|
| **નોર્ધન રિજનલ ઓફિસ**<br>પાંચમો માળ, બેન્ક ઓફ બરોડા બિલ્ડિંગ,<br>૧૬, સંસદ માર્ગ, ન્યૂ દિલ્હી - ૧૧૦૦૦૧.<br>ટેલિફોનઃ અ૯૧-૧૧-૨૩૭૨૪૦૦૧-૦૫<br>ફેક્સઃ અ૯૧-૧૧-૨૩૭૨૪૦૦૬.<br>ઈ-મેઈલઃ sebinro@sebi.gov.in<br>(હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મૂ અને કાશ્મીર, પંજાબ, ઉત્તર પ્રદેશ, ચંદીગઢ, ઉત્તરાખંડ અને દિલ્હી) | **સધર્ન રિજનલ ઓફિસ**<br>ડી, મોન્ટે બિલ્ડિંગ, ત્રીજો માળ, ૩૨ ડી,<br>મોન્ટે કોલોની, ટીટીકે રોડ, અલવરપેટ,<br>ચેન્નઈઃ ૬૦૦ ૦૧૮.<br>ટેલિફોનઃ અ૯૧-૪૪-૨૪૬૭૪૦૦૦ / ૨૪૬૭૪૧૫૦<br>ફેક્સઃ અ૯૧-૦૪૪-૨૪૬૭૪૦૦૧<br>ઈ-મેઈલઃ sebisro@sebi.gov.in<br>(આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, પોંડિચેરી અને લક્ષદ્વીપ અને મિનિકોં આઈસલેન્ડ) |
| **ઈસ્ટર્ન રિજનલ ઓફિસ**<br>એલ એન્ડ ટી ચેમ્બર્સ, ત્રીજો માળ, ૧૬,<br>કેમેક સ્ટ્રીટ, કલકત્તા - ૭૦૦ ૦૧૭<br>ટેલિફોનઃ અ૯૧-૩૩-૨૩૦૨૩૦૦૦<br>ફેક્સઃ અ૯૧-૩૩-૨૨૮૭૪૩૦૭<br>ઈ-મેઈલઃ sebiero@sebi.gov.in<br>(આસામ, બિહાર, મણીપુર, મેઘાલય, નાગાલેન્ડ, ઓરિસા, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ, ત્રિપુરા, સિક્કીમ, ઝારખંડ અને આંદામાન અને નિકોબાર આઈસલેન્ડ) | **વેસ્ટર્ન રિજનલ ઓફિસ**<br>યૂનિટ નં. ૦૦૨, ગ્રાઉન્ડ ફ્લોર સાકાર ૧,<br>ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પાસે,<br>નેહરુ બ્રીજ આશ્રમ રોડની સામે,<br>અમદાવાદ - ૩૮૦ ૦૦૯<br>ટેલિફોનઃ અ૯૧-૦૭૯-૨૬૫૮૩૬૩૩-૩૫<br>ફેક્સઃ અ૯૧-૦૭૯-૨૬૫૮૩૬૩૨<br>ઈ-મેઈલઃ sebiwro@sebi.gov.in<br>(ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન) |


भारतीय प्रतिभूति और विनिमय बोर्ड

Securities and Exchange Board of India

For free distribution

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

Securities and Exchange Board of India

# એક્ઝિક્યુટિવ માટે
# રોકાણનું આયોજન

